श्री કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ


❖ વર્ષ : ૨૭
❖ અંક : ૯
❖ ૧૫ માર્ચ, ૨૦૧૪
❖ કિંમત : રૂા. ૩/-

❖ પાના નં. ૧ ❖ કુલ પેજ ૩૬
❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૦-૩-૨૦૧૪

❖ તંત્રી : ભરત ઓઝા




સીદી સૈયદની જાળી-અમદાવાદ


Let's Move towards Nature...
All things will be destroyed with
time but time never just like...
शाश्वत
Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
CLUB HOUSE
CHILDREN PLAY AREA
RESTROOM IN CLUBHOUSE
INDOOR GAMES
SWIMMING POOL
JOGGING TRACK
READY
POSSESSION
N.A. PLOTS
Located in just 10 minutes away
from TATA NANO, FORD, P. & G., PEUGEOT, HITACHI.
20 Minutes Drive From Ahmedabad.
Developer:
Shashwat Realtors
Hasmukh Patel: 9879608051,
Vinod Patel: 9879608054,
Anupam Patel: 9879608057.
Site Address:-
Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanand - Nalsarovar Road, Dist.: Ahmedabad.

વર્ષ-૨૭ ◆ અંક-૯
૧૫ માર્ચ, ૨૦૧૪

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**★ મુખ્ય તંત્રી ★**
શ્રી ભરત ઓઝા
મો. ૯૮૨૫૭૧૪૮૩૩
Email : ozabvo@gmail.com

**★ સહ તંત્રી ★**
શ્રી મનુભાઈ કોટડીયા
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

**★ વિભાગીય સંપાદન ★**
**કલરવ** - દિનેશ માંકડ
**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ
**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા
**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchshruti@yahoo.com

**Kutchshruti Available on www.asanjokutch.com**

**કચ્છશ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન - રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં...

❖ તંત્રી સ્થાનેથી ................ ૪
❖ સાબમુબારક અમદાવાદ (હંસરાજ કંસારા) ................ ૫
❖ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાહબરની ચિરવિદાય (પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ) ........ ૬
❖ દુલેરાય કારાણી (જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ') ................ ૮
❖ કચ્છશ્રુતિનાં કલમકારો (૨) (હંસરાજ કંસારા) ................ ૧૦
❖ વિટામીન્સ-૪ (દિલીપ વૈશ્નવ-અમદાવાદ) ................ ૧૨
❖ કચ્છ જિલ્લાની ટપાલ-કચેરીઓ (ભરત'કુમાર' પ્રા. ઠાકર) ................ ૧૪
❖ સેમીનાર-કચ્છી સાહિત્ય અકાદમી (કલાધર મુતવા) ................ ૧૬
❖ શબ્દોની કમ્પ્યૂગ્રાફી (તુલસીદાસ કંસારા) ................ ૨૧
❖ એવમ્ અમદાવાદ ................ ૨૨
❖ ગાંધીનગર ગાથા (વર્ષાબેન જે. મહેતા) ................ ૨૫
❖ મહિલા વિશ્વ (રેખાબેન શુક્લ-અમદાવાદ) ................ ૨૬
❖ વતનના વાવડ (સંકલિત) ................ ૨૮
❖ કલરવ (દિનેશ માંકડ) ................ ૩૨
❖ શબ્દ શોધ-૨૩ (પ્રદિપ જોષી-આદિપુર).. ................ ૩૪

# તંત્રી સ્થાનેથી...

• ભરત ઓઝા •

## પ્રજા તંત્રનો મહાકુંભ...

**આ**ખરે ૧૬મી લોકસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ ગઈ. યોગાનુયોગ આ અગાઉની ૧૫મી લોકસભાનું મતદાન ૩૦ એપ્રિલના યોજાયેલું હતું અને ૧૬મી મેના જ મત ગણતરી થયેલ હતી. આ વખતે પણ આ જ તારીખો આવેલ છે. વધુમાં યોગાનુયોગ એ થયો કે ૧૬મી લોકસભાની ચૂંટણીની મત ગણતરી પણ ૧૬મી તારીખે (૧૬ મે)ના જ થવાની છે.

ભારત જેવા મોટા લોકશાહી દેશમાં નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવી એ ભારતીય ચૂંટણી પંચ માટે સૌથી મોટી પડકાર જનક કામગીરી છે. છેક અંતરિયાળ વિસ્તારોમાં ક્યાંક, જ્યાં મતદારોની સંખ્યા કરતા ચૂંટણી પંચના કાફલાની સંખ્યા મોટી હોય છે. ત્યાં પણ ચૂંટણી કરાવવાની કામગીરી નાની સૂની નથી જો કે છેલ્લી બે વખતની ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પંચની કામગીરીમાં ધરખમ ફેરફારો થયા છે. ખાસ કરીને લેટેસ્ટ ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરીને પંચે ઘણા બધા સુધારાઓ કરેલ છે.

આ વખતે પ્રથમ વાર જ ઈવીએમ મશીનમાં એક વિકલ્પએ પણ આપવામાં આવ્યો છે કે જેમાં મતદાર None of the above (NOTA) ના વિકલ્પનો ઉપયોગ પણ ઈવીએમ મશીન દ્વારા કરી શકે છે. જો કે આપણે ઈચ્છીએ કે આ વિકલ્પનો ઉપયોગ કરવાનો વારો જ ન આવે. એક સામાન્ય મતદાર તરીકે હજુ પણ મનમાં એવા ઘણા પ્રશ્નો થાય છે, જેવા કે...

● શા માટે લોકસભા જેવી અગત્યની ચૂંટણીઓમાં નાના અને પ્રાદેશિક પક્ષો તેમજ અપક્ષોને ચૂંટણી લડવા દેવાય છે કે જે આગળ જતાં સ્થિર સરકાર રચવા માટે બાધારૂપ સાબિત થતા હોય છે.

● શા માટે એક જ ઉમેદવારને એક થી વધારે મત ક્ષેત્રમાંથી ઉમેદવારી કરવા દેવાય છે. આવા ઉમેદવાર બંને જગ્યાએથી જીતી જાય તો એક મતક્ષેત્ર છોડવું જ પડે છે અને જ્યાં ફરીથી ચૂંટણી યોજવી પડે અને ચૂંટણી પંચના કરોડોના ખર્ચા માથે પડે છે. આવા સંજોગોમાં ફરીથી ચૂંટણીનો ખર્ચ જે તે ઉમેદવાર પાસેથી વસૂલવાની કાયદામાં જોગવાઈ હોવી જોઈએ.

● શા માટે પાંચ વર્ષ માટે ચૂંટાયેલા અને પાછળથી પક્ષાંતર કરીને મુદત પુરી થયા પહેલા જ રાજીનામું ધરી દેતા પ્રતિનિધિઓને ફરીથી ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવામાં આવતા નથી. જેથી કોઈ પણ ચુંટાયેલો પ્રતિનિધિ પ્રજા-મતનો દ્રોહ કરતા પહેલા સો વાર વિચારે.

● શા માટે એવા ઉમેદવારોને ચૂંટણી લડવા દેવાય છે કે જેઓ ગુનાહિત ભૂતકાળ ધરાવતા હોય છે.

● શા માટે ચૂંટણીઓ દરમિયાન થતા બેફામ વાણી વિલાસ અને બેફામ ખર્ચા કરતાં ઉમેદવારો સામે દાખલા રૂપ પગલાઓ લેવામાં નથી આવતા.

● શા માટે પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક્સ મિડીયાને ખોટા, બેહુદા અને પાયા વિનાનાં એકઝીટ પોલ પર અને મતદારોને ખોટી રીતે ભરમાવતા સમાચારો પ્રકાશિત કરતા રોકવામાં નથી આવતા. વિગેર...વિગેરે...

ખેર, આવા ઘણા બધા સવાલો સામાન્ય મતદારને થાય એ સ્વાભાવિક છે.

આપણે ઈચ્છીએ કે ૧૬મી લોકસભાની ચૂંટણી શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય અને ૧૬મી મેના થનારી મત ગણના બાદ આપણા દેશનો લોકશાહીનો સૂરજ સોળેય કળાએ ખીલી ઉઠે.

આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ સહ..

અસ્તુ,

જય હિંદ, જય કચ્છ.

**ભરત ઓઝા**
**મુખ્ય તંત્રી**

અમદાવાદનો જન્મદિન

# ‘સાલમુબારક અમદાવાદ’

● હંસરાજ કંસારા ●

અમદાવાદનો જન્મ દિવસ ૨૬ કે ૨૭ ફેબ્રુઆરી કે પછી ત્રીજો જ કોઈ દિવસ હસે. તે વિષે વિદ્વાનોમાં ઘણા મતભેદો છે. એટલે આપણે અમદાવાદને ‘હેપી બર્થ ડે’ ને બદલે સાલમુબારક કહીએ તેમ છતાં ગુજરાતના ગણમાન્ય ઈતિહાસવિદ આર. ટી. સાવલીયા ૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૮ના દિવ્યભાસ્કરના અમદાવાદ સ્પેશિયલ અંકમાં શહેરનામા કોલમમાં અમદાવાદના જન્મ દિવસ વિષે નીચે મુજબ જણાવે છે.

ગુજરાતના ત્રીજા સુલતાન અહેમદશાહ ૧લાએ પ્રાચીન આશાવલ-કર્ણાવતીની નજીક નગર વસાવ્યું. આ નગર ક્યારે વસાવેલું એનો ચોક્કસ સમય નકકી કરવામાં મતભેદ પ્રવર્તે છે. કવિ હુલવી શિરાઝીએ અહમદ શાહના સમયનો ઈતિહાસ તારીખે અહેમદશાહી ફારસી પદ્યમાં લખેલો. પરંતુ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. એમાંથી આશરે એકસો બેત ‘મિરાતે સિકંદરી’માં ઉતારવામાં આવી છે, ને મિરાતે અહેમદીમાં અમદાવાદના વર્ણનમાં એમાંથી કેટલીક બેત રજૂ કરી છે. એ બેતો પરથી જણાય છે કે, અહેમદશાહે જ્યોતિષ (નજુમ)ના જાણકારો પાસે ગણિત કરાવી શહેરની સ્થાપનાનું શુતી મુહુર્ત કઢાવ્યું હતું. આ મુહુર્ત હિજરી સન ૮૧૩ના ઝુલકાદ મહિનામાં આવ્યું હતું. અમદાવાદની સ્થાપના થઈ હોવાનું અને ગઢનું બાંધકામ હિ.સ. ૮૧૬ (ઈ.સ. ૧૪૧૩-૧૪)માં પુરું થયું હોવાનું નોંધ્યું છે. અમદાવાદની સ્થાપના પછી ૩૫૦ વર્ષ ઈ.સ. ૧૭૬૧માં પૂરી થયેલ મિરાતે અહેમદીમાં અમદાવાદની સ્થાપનાનો વિગતવાર સમય આપેલો છે. એના હિ.સ. ૮૧૩ના ઝુલકાદ મહિનાની ૩જી તારીખ સંવત ૧૪૪૯ અનેશક ૧૩૧૪ના વૈશાખ સુદ પાંચમની મિતિ અને સૂર્યોદયાત્ ૧૫ ઘડી અને ૩૫ પળના સમયની નોંધ છે. એ સમયના ગ્રહોની કુંડળી પણ આપી છે.

આમ ફલજ્યોતિષ તથા મુહુર્તશાસ્ત્રની દષ્ટિએ ગમે તે હોય પણ ઐતિહાસિક દષ્ટિએ જોતા અમદાવાદની સ્થાપના માટે મુસ્લિમ તવારીખ પ્રમાણે હિ.સ. ૮૧૩ના ઝિલકાદ મહિનાની બીજી તારીખ અને ગુરુવાર (તા. ૨૬મી ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૧૧) અને હિંદુ અનુશ્રુતિ પ્રમાણે સંવત ૧૪૬૮ની વૈશાખ સુદ ૭ને રવિવાર (તા. ૧૭મી એપ્રિલ, ઈ.સ. ૧૪૧૨)એ બે મિતિ સહુથી સંભવિત હોવાનું જણાય છે. આ અંગે પ્રસિદ્ધ ઈતિહાસવિદ્ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ કાઢેલ તારણ મુજબ અમદાવાદ શહેરની સ્થાપના જે ગઢના બાંધકામથી કરવામાં આવી તે ગઢનું ખાત મુહુર્ત ઈ.સ. ૧૪૧૧ની ૨૬મી ફેબ્રુઆરીએ, સંભવતઃ એનો વાસ્તુપ્રવેશ ઈ.સ. ૧૪૧૨ના એપ્રિલની ૧૭મીએ અને ગઢનું બાંધકામ ઈ.સ. ૧૪૧૩ના માર્ચ એપ્રિલમાં પુરું થયું હોવાનું માલૂમ પડે છે.

દિવ્ય ભાસ્કરની આ અમદાવાદ સ્પેશિયલ પૂર્તિમાં જ્યોતિષાચાર્ય કંદર્પ ત્રિવેદીએ નીચે મુજબ અમદાવાદની સ્થાપના કુંડળી આપતાં કહ્યું હતું કે ‘અમદાવાદ શહેરની સ્થાપનાની કુંડળીમાં મિથુન લગ્ન છે, સૂર્ય, ગુરુ, શુક્ર, મંગળ અને શનિ ઉચ્ચ સ્થાને બિરાજેલા છે. તેથી વર્તમાન સમયમાં અમદાવાદ શહેરનો સતત વિકાસ થતો જોવા મળશે. સૂર્ય ઉચ્ચનો થઈ લાભ સ્થાનમાં હોવાથી અન્ય શહેરોનો સરખામણીમાં અમદાવાદનો વિકાસ હરણફાળ રીતે આગળ વધશે.’ ફળકથન કરતાં તેમણે જણાવ્યું હતું કે, શહેર આગામી વર્ષે ધન-ધાન્યથી સમૃદ્ધ થશે. ઉદ્યોગ, આઈ.ટી., વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરશે. એટલું જ નહીં હાલ જે રીતે આપણા દેશના લોકો વિદેશમાં અભ્યાસ અર્થે જાય છે તેમ આવનારા સમયમાં વિદેશીઓ અમદાવાદ શહેરમાં ઉચ્ચ ડિગ્રી માટે આવશે.

જ્યોતિષાચાર્ય વધુમાં કહ્યું હતું કે, અમદાવાદ શહેરની કુંડળીમાં સૂર્ય ઉચ્ચનો હોવાથી આવનારા સમયમાં અમદાવાદનું સ્વચ્છતાનું સ્વપ્ન સાર્થક થશે. રિયલ એસ્ટેટ ક્ષેત્રે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોના ભાવ આકાશને આંબી રહ્યા છે. જે માટે કુંડળીમાં પડેલો ભૂમિનો કારણ મંગળ છે. આવનાર દસ વર્ષમાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારો જમીનમાં રોકાણ કરવું અઘરું થઈ પડશે.

તેમણે કહ્યું હતું કે ઉચ્ચનો સૂર્ય શહેરના રહેવાસીઓમાં વધારેને વધારે ધાર્મિક ભાવના જન્માવશે. કુંડળીમાં પડેલા સૂર્ય, મંગળ, ગુરુ, શનિ, બળવાન હોવાથી આવનારા દસકામાં અમદાવાદ શહેર શિક્ષણ, ઉદ્યોગ, સંશોધન સાથેના સર્વાંગી વિકાસવાળું મેટ્રો સિટી બનશે.

**– સંદર્ભ : દિવ્ય ભાસ્કર**

# સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાહબરની ચિર વિદાય

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ-ભુજ ●

આ ફાની જગતમાં પ્રાણીમાત્ર મૃત્યુને આધીન છે. મૃત્યુ ક્યારે, ક્યા સ્થળે, કેવા સંજોગોમાં આવી પહોંચે એ આપણો શાશ્વત પ્રશ્ન છે. દેહ નાશવંત છે છતાં સાહિત્યકારોનું સાહિત્ય શાશ્વત છે. સાહિત્યક્ષેત્રે અનન્ય સેવા કરી, અનેક વિદ્વાન પ્રોફેસર તથા અમારી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા પ્રા. ડૉ. રમેશભાઈ મહાદેવભાઈ શુક્લના તા. ૫-૨-૨૦૧૪ના રોજ ૮૪ વર્ષની વયે સુરતમાં દેહાવસાન થયાના દુઃખદ સમાચાર ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતાએ આપ્યા ત્યારે શૂન્ય મનસ્ક બની ગયો. તેમણે જ અમારા અભ્યાસકાળની વિગતો કચ્છમિત્રમાં પ્રગટ કરવા મુ. શુક્લ સાહેબને સ્મરણાંજલી આપવા અનુરોધ કર્યો.

પ્રા. શ્રી રમેશભાઈ સુરતથી ભુજની શ્રી રામજી રવજી લાલન કોલેજમાં ઈ.સ. ૧૯૫૬માં જ્યારે આવ્યા ત્યારે સુરતના અમારા સંબંધીનો પત્ર લઈને મારા પિતાશ્રી વૈદ્યરાજ ભાઈલાલભાઈ ભટ્ટને પ્રથમ દવાખાને મળેલા. હું એ સમયે એફ.વાય. આર્ટસમાં હતો. કોલેજ પ્રાગમહેલના નીચેના આવાસોમાં હતી. ૧૯૫૬ થી ૫૯ દરમ્યાન તેઓ સાહિત્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અમોને ખૂબ જ પ્રોત્સાહિત કરતા. તેઓ ખૂબ સુંદર કાવ્યો લખતા.

ઈ.સ. ૧૯૫૮-૫૯ દરમ્યાન તેમનું રચેલું એક સુંદર સમૂહ ગાન 'ચાલ ભલા જઈએ પેલે પાર, રે કોણ એ બોલ્યું નાવ ધીરી હંકાર' અમે અમદાવાદની ગુજરાત કોલેજના જ્યોર્જ (ફીફથ) હોલમાં રજૂ કર્યું. ૩૫ કોલેજોમાં અમે બીજા સ્થાને વિજયી બન્યા. અમારા ફાઈન આર્ટસ સેક્રેટરી શ્રી મોહનભાઈ શાહ હતા. નેતૃત્વ હેઠળ સર્વેશ્રી નિરંજન અંતાણી, હસમુખ મહેતા, સ્વ. ગોવિંદ સોમૈયા, સ્વ. ઈબ્રાહીમ રાયમા, સ્વ. ધનેશ્વર પંડ્યા, શ્રી રાણા અને મારો સમાવેશ થયેલો.

બહેનોમાં નિવેદિતા વોરા (રીટા. ડૉક્ટર) નલીની બહેન પી. શાહ (ડાયરેક્ટર માતૃ છાયા), પંકજબેન શાહ તથા સ્વ. રંજન બહેન દોશી આવેલ હતા.

તેમનુ રચેલું 'હું અજાણ તું અજાણ ત્યાં કોણ કોનું સંગાથી' ભુજમાં છઠ્ઠી બારી પાસે મહિલા મંડળના સ્ટેજ પર ડૉ. મનુભાઈ દલાલના પુત્રી મૃદુલા બહેન દલાલ (અમેરિકા) સાથે મેં રજૂ કરેલું તેવું સ્મૃતિમાં છે. તરૂણ મિત્ર મંડળે સુગમ સંગીત સ્પર્ધા યોજેલી. જે કાર્યક્રમમાં ભુજની ઓલ્ફર્ડ હાઈસ્કુલમાંના સ્ટેજ પરથી ગાવાની તક મળેલી. તેમાં શુક્લ સાહેબનું લખેલું ગીત 'કોડીયું તે કોણ મૂકી જાય મારા અંતરને આંગણે' મેં રજૂ કર્યું. મને પ્રથમ ક્રમ પ્રાપ્ત થયેલો. તેમનો રચેલો રાસ લાલન કોલેજ કન્યાવૃંદે ઈ.સ. ૧૯૫૮માં વાર્ષિકોત્સવમાં રજૂ કરેલો જેના શબ્દો હતા. 'હો, રાજવણ, દીલ પાછું વાળ્યમા, અદકા આ નેહના બોલ પાછા વાળચ મા''

આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થી ભાઈઓને ખાસ તો 'સ્ટેચ્યુ પોઝીઝ' માટે શુકલ સાહેબે પ્રો. આહિત કરેલા. કાર્યક્રમનું સફળ સંચાલન તેઓશ્રીએ જ કરેલું. ખાસ તો લીટરરી કમિટીના ચેરમેન તરીકે તેઓ અનેક મહાનુભાવો, સાહિત્યકારોના વક્તવ્યોનું આયોજન કરતાં મારે ગુજરાતી વિષયમાં એમ.એ. કરવા ઈચ્છા હતી. શુક્લ સાહેબે ભવિષ્ય ભાખીને જણાવ્યું હતું કે તમો અર્થશાસ્ત્ર રાખો. ત્રણ-ચાર વર્ષમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાઓની ઘણી જગ્યાઓ સરકારી કોલેજોમાં ખાલી પડવાની છે. મહેનત કરો અને સારો વર્ગ મેળવશો તો અર્થશાસ્ત્રના પ્રોફેસર બની જશો. તેમની વાણી સત્ય પૂરવાર થઈ. કોલેજના અભ્યાસ કાળ દરમ્યાન રીસેષ પછીના કોઈ ફ્રી પીરીયડમાં મને પોતાના નિવાસ સ્થાને લઈ જતા. તેમનું મકાન આશાપુરા માતાજીના મંદિર પાસે ચટ ફળિયામાં હતું. એકલા રહેતા. ચા, દૂધ પીવડાવે. પોતાની કાવ્ય કૃતિનો રાગ બેસાડવા સૂચવે અને કુદરતી જ સારો ઢાળ બેસી જતો.

તા. ૨૭-૧૧-૧૯૨૯ના રોજ સુરત મધ્યે અગ્નિહોત્રી પરિવારમાં શ્રી રમેશભાઈનો જન્મ. તેઓનો વિદ્યાર્થીકાળ ઘણો તેજસ્વી રહ્યો. ૨૫ વર્ષની વયે સુરતની કે.પી. કોમર્સ કોલેજમાં લેકચરર બન્યા બાદ સરકારી કોલેજમાં ઈ.સ. ૧૯૫૬ થી ભુજની લાલન કોલેજમાં નિમણુંક મળી. ભુજથી શામળદાસ કોલેજ ભાવનગર, બહાઉદ્દીન કોલેજ જુનાગઢ, એમ.પી. શાહ કોલેજ સુરેન્દ્રનગર બદલીઓ થતી રહી.

ઈ.સ. ૧૯૮૦ થી ૧૯૮૭ સુધી સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ મધ્યે રીડર તરીકે અને ૧૯૮૭ થી ૧૯૯૦ સૌરાષ્ટ્ર યુનિ. એકેડેમીક સ્ટાફ કોલેજના નિયામક તરીકે સફળ રહ્યા. ગુજરાતી વિષયમાં પી.એચ.ડી.ના ગાઈડ તથા સંસ્કૃતમાં

પી.એચ.ડી.ના ગાઈડ તરીકે દક્ષિણ ગુજરાત યુનિ.માં સેવા આપી. ભારત સરકારની સાંસ્કૃતિક વિનિમય યોજના અંતર્ગત ઈ.સ. ૧૯૯૭માં ઈન્ડીયા ફાઉન્ડેશનના નિમંત્રણને માન આપી અમેરિકા ગયેલા ત્યાં તેમના વ્યાખ્યાનોને પ્રજાએ બીરદાવ્યા.

ડૉ. રમેશભાઈ શુક્લે લગભગ ૯૭ પુસ્તકો લખ્યા છે. તેમાંથી ઈ.સ. ૧૯૯૦ના ‘લેખન પદ્ધતિ અને પ્રુફ રીડીંગ’ તથા ‘લેખન શુદ્ધિ અને લઘુકોશ’ આદર પામ્યા છે. તેમના વિમોચનના પુસ્તકોને સર્વશ્રી રમણ પાઠક, ધીરૂભાઈ ઠાકર, ચંદ્રવદન મહેતા, નગીનદાસ પારેખ, યશવંત શુક્લ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રમેશ ઓઝા આદિ સાહિત્યકારોએ બિરદાવ્યા છે.

તેમના ઈ.સ. ૧૯૮૧માં ‘કલાપી અને સંચિત શોધ પ્રબંધ’ ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળ્યું. ઈ.સ. ૧૯૮૯માં ‘સંસ્કૃત સમીક્ષા શાસ્ત્ર - સંસ્કૃત કાવ્ય સમીક્ષા’ શોધ પ્રબંધને એકેડેમીનું પ્રથમ પારિતોષિક મળ્યું. ઈ.સ. ૧૯૯૬-૯૭માં વીર નર્મદ એવોર્ડ, ઈ.સ. ૨૦૦૨માં ધનજી કાનજી ગોલ્ડ મેડલ, ઈ.સ. ૨૦૦૩માં મેક્સમૂલર ટીચીંગ એવોર્ડ, ઈ.સ. ૨૦૦૬માં શ્રી અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ તથા તાજેતરમાં નરસિંહ મહેતા એવોર્ડ મેળવવા ભાગ્યશાળી બન્યા. કચ્છના લાલન કોલેજ ભુજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારો પ્રા. ડૉ. શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા તથા ભાઈશ્રી વિનેશભાઈ અંતાણીને પ્રા. ડૉ. રમેશભાઈ શુક્લ પાસેથી શિક્ષણ મેળવવાનું ગૌરવ છે. તેઓશ્રીના સાહિત્યે તેમને અમરત્વ બક્ષ્યું છે.

## વાયધા

ચુંટણી ટાણે નેતા કેડા
સેવાધારી ભનેંતા
આક્ષેપેં જ્યું ગાલ્યું મોં સેં
ગાંગલાઈસેં ગિનેંતા
ચોમાસેમેં ડેડર બોલેં
ડ્રાઉં-ડ્રાઉં તી બોલેતા - ચુંટણી
વાયધા ડીઈને વોટ ઈ
જનતા સે છીનેંતા
વારસાગત ધુસમણ જાણેં
સામે પક્ષકે મનેંતા
પુરા કરી પંજ વરે નેં
મડ-મડ પાછા મિલેંતા .. ચુંટણી

રાજકારણમેં રાતડીં
ગામો ગામ ગુમેંતા
મધલાર જી મીઠ્યું ગાલ્યું
જબ્બે લેંગે મેં જુલેંતા
રાજધરમજો નાલો નાંય
પીન્ઢજી માની પીનેંતા - ચુંટણી
ડેસ સેવાજી ગાલ્યું એડ્યું
જ સરદાર-ગાંધી સુણેંતા
મા ભોમ લાય મરી ફિટા ઉ
આજાદી જા પ્રણેતા
‘પ્રભુ’ નેરી આચાર નેતાએંજા
ડુંખી-ડુંખી થીઈ વિનેંતા - ચુંટણી

**— પ્રભુલાલ સિદ્ધપુરા - ગાંધીધામ**

કચ્છી શીખો

# કચ્છી શબ્દોના અર્થ : Quiz No. 5

• કિરીટ નંદુ •

| | | | | |
|---|---|---|---|---|
| (૧) મુલાજો | (૨) સાભુન | (૩) ભીડ | (૪) પોય | (૫) આનું |
| (૬) અવકો | (૭) કસ | (૮) ખાદ્ય | (૯) થપો | (૧૦) રસી |

*જવાબો : (૧) શરમ (૨) સાબુ (૩) ગિરદી (૪) પછી (૫) તમારાથી (૬) વાંક (૭) સત્વ, વાંક (૮) ખોટ (૯) ઢગલો (૧૦) દોરડી*

લોકસાહિત્યના કળાયલ મોરલા

# દુલેરાય કારાણી

• જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ'-ભુજ •



તા. ૨૯મી ફેબ્રુઆરી તારીખ પ્રમાણે તેમની જન્મ અને પુણ્યતિથિ છે. સેવા, લોકસાહિત્યના દુલેરાય કારાણીનું આજે પુનિત સ્મરણ કરીએ. લિપિ વિહોણી કચ્છી ભાષાને અદકેરુ ગૌરવ અપાવવાનાં પડકાર ઝીલીને વિપુલ સાહિત્ય સર્જન ધારા એમણે અમરત્વ મેળવ્યું છે.

એક સમય એવો હતો જ્યારે કહેવાતું :

'અબે તબેકા એક રૂપૈયા,
ઈકડમ-તિકડમ આના બાર,
અઠે-કઠે કા એક હી આના, સુ.સાં. પૈસા ચાર.'

જ્યારે આપણી માતૃભાષા ગુજરાતીની આવી કફોડી હાલત હતી ત્યાં સિંધીની ભગીનિ કચ્છીની શી દશા હશે ? એની કલ્પના જ કરવી રહી.

કારાણીજીએ કચ્છીની અસલી તાકાત દર્શાવવા કમર કસી. તેમણે લખ્યું.

'સું-સાં પૈસા ચાર, જ સજે શણગાર,
ત, કુરો-કુજાડો કચ્છી બોલી, તું પ થી તૈયાર !!'

ગુજરાતીને જેમ પ્રેમાનંદ, દયારામ, નર્મદ, નરસિંહ મહેતા જેવા અનેક સર્જકોએ સમૃદ્ધ બનાવી તેમ કારાણીજી જેવા સર્જકોએ કચ્છીને સમૃદ્ધ કરી, શણગારી. જેમ નર્મદે કહ્યું, 'ગુજરાતી માતૃભાષા, હું તારે શરણે છઉં' એમ કારાણીજીએ કચ્છીની સેવાને જીવન સમર્પિત કર્યું હતું.

કારાણીની મહેચ્છા હતી, 'કચ્છી પાણી વારી વીર વાણી કે તાં
કારાણી ચે, મિણીનું વડેરી, મહારાણી કરે વ્યારિયાં'

મા સરસ્વતીને કચ્છના રણ સુધી લઈ આવવાનું શ્રેય કારાણીજીને ફાળે જાય છે.

'હલી હલી ને કચ્છડે વટ આવઈ માતા સરસ્વતી
બાબાણી બોલી કચ્છ મેં છિલકાય માતા સરસ્વતી.'

**વૈવિધ્યપૂર્ણ સર્જન :** કારાણીજીની કૃતિઓમાં છંદ, સંગર, કાફી, બેત, કારાઈડો, ગઝલ, ખંડકાવ્ય, સંવાદ-સહિતનું વૈવિધ્ય પૂર્ણ રસપ્રદ સર્જન છે. એમનું હાસ્ય સાહિત્ય પેટ પકડીને હસાવવા અને કરૂણ સાહિત્ય, પાષાણ હૃદયના માનવીને પણ ચોધાર આંસુએ રડાવી દેવા સમર્થ છે. 'સોનલ બાવની' ને યાદ કરતાં જ નેત્રો સજળ બની જાય છે.

૨૬ ફેબ્રુઆરી, ૧૮૮૬ થી ૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૯ સુધીની તેમની જીવનયાત્રા પ્રેરક છે. પ્રાથમિક શિક્ષક તરીકે ગુંદિયાળીથી કારકિર્દીની શરૂઆત પણ એમના લેખન-સંશોધનના શોખને પારખીને એમને રાજ્યાશ્રય મળ્યો. તેઓ એજ્યુ ઈન્સ્પેક્ટર બન્યા અને 'ભાવતું' તું ને વૈદ્યે બતાવ્યું' કારાણીજી એ હોદ્દાની રૂએ આખું કચ્છ ફરી વળ્યા. ગામે-ગામ પાળિયા ઢંઢોળ્યા. અરે, કહોને જાણે કે પાળિયા સ્વયંમ્ એમની સમક્ષ પોતાની ગાથા કહેવા હારબંધ ઉભા રહેવા લાગ્યા

લેખનની શરૂઆત 'સ્વદેશ' થી થઈ પછી 'જય કચ્છ' માં ૫૫ વર્ષ પર્યંત કલમ પ્રસાદી વહેંચી. કચ્છની પ્રથમ વાર્તા, 'લીલા અને કોરૂં', 'જય કચ્છ'માં હપ્તાવાર પ્રસિદ્ધ થઈ એમનું પહેલું પુસ્તક 'કચ્છ ઝરણાં' ૧૯૩૦માં પ્રસિદ્ધ થયું.

કારાણીજીના સિંધુ સમાન વિપુલ માત્રાના સર્જનમાંથી અમે થોડા બિંદુનું આચમન કરીએ.

'ઢીંગલો કિડાં વ્યો રે મુંજો ઢિંગલો કિડાં વ્યો,
હાથી જે પૈર જેડાં, ઢિંગલો કિડાં વ્યો'

આજે તેઓ હોત તો 'રૂપિયો કિડાં વ્યો' ગાતા હોત.

'ઢોલી થરના ઢોલી, તે રસની પરબો ખોલી'

કવિ નિરંજને 'મુંજી માતૃભૂમિ કે નમન' રચ્યું. એને 'કચ્છી રાષ્ટ્રગીત' નો દરજ્જો મળ્યો તો કારીણીજીની આ

રચનાને 'વંદે માતરમ્' દરજ્જો મળવો જોઈએ.

**કચ્છીનું વંદેમાતરમ્**

રૂક્ક જેડી નક્કર, અક્કર જેડી શીરીવારી,
અક્કડ અનોખી, અતિગતિ રામબાણજીં
કુછે મે કડક કચ્છી પાણી જે કડાકેવારી,
વિજ જે વસ કે વારી, જોત જિંધજાનજી
તોજી ઘોડો છૂટે, તૂટે તોપ જો ગલોલો તેડી,
'કારાણી' એ, ચોટ કચ્છી વાણીજી કમાનજી'

**કચ્છીનો વિશેષ 'મલાવો'**

'કચ્છી બોલી મહારાણી, બઈયું બોલિયુ ભરે પાણી'

**'કારાણી બાવની'**

કારાણીજીએ પાંચ પ્રશસ્તિ કાવ્યો રચ્યાં છે ગાંધીજી, મહાવીર, દયાનંદ, કલ્યાણ અને સોનલ બાવની.

'કારાણીજીની બાવની' લખવાનું મારું ગજું નહિ પણ અમની પ્રશસ્તિ હેતુ બાવન વિશેષણ મેં જરૂર શોધી કાઢ્યા છે.

કચ્છી અસ્મીતાના આરાધક, લોક હૃદય સમ્રાટ, અક્ષરના ઉપાસક, કચ્છના કારાયલ, ધૂળધોયા સંશોધક, કચ્છના કલાધર, લોક સાહિત્યકાર, રાષ્ટ્રીય કવિ, બાબાણી બોલીના બેલી, લોક ગાયક, અજાત શત્રુ, કચ્છનું સંસ્કાર ધન, સરસ્વતીના સાધક, આદર્શ શિક્ષક, કુશળ વહીવટકર્તા, સર્વધર્મપ્રેમી, કચ્છના મેઘાણી, કલમના કસબી, દરિયાદિલ, પાળિયા ઢંઢોળીને બોલતા કરનાર, કલમના કસબી, સારા સંપાદક, સંકલનકર્તા, પમરાટની પ્રતિભા, ઝિન્દાદિલ માનવી, કચ્છના એન્સાઈક્લોપીડિયા, ભોમિયા, કચ્છીના પુત્ર પ્રવર્તક, પ્રખર ઈતિહાસવિદ્, બાળ અખાણીકાર, વહેમના વિરોધી, અંધશ્રદ્ધા સામેના લડવૈયા, સમદષ્ટિવાન, મરોડદાર અક્ષરોના માલિક, કચ્છી સાહિત્યના ઘેઘૂર વડ, વત્સલ ગૃહપતિ, લોક સાહિત્યના મર્મજ્ઞ, સંસ્કૃતિના રક્ષક-પોષક, પરિશ્રમી, જોશીલી જબાનના જાદૂગર, કચ્છના કોલંબસ, નિષ્ઠાવાન કચ્છી માડુ, કચ્છના કીર્તિસ્થંભ, વ્યક્તિ નહિ, એ સંસ્થા, જ્ઞાતિનો ખજાનો, લોક સાહિત્યકારોનું તીર્થ, વાત્સવ દૃષ્ટા, કલા પારખુ, આત્મીય સ્વજન, અમર સાહિત્યના સર્જક, કલા પ્રેમી, કચ્છીયતના પ્રતિક.

ધટ્ટ શ્વેત મૂછો, ગૌરવર્ણ, શેરવાની, અચકન, કચ્છી પાઘડી, પ્રભાવશાળી પ્રતિભા, પડછંદ કાયા, સ્ફૂર્તિવાન દેહ સૌષ્ઠવ, જોશીલી જબાન, કારાણીનો ટૂંક પરિચય.

હા, કારાણીજીને રાજ્યાશ્રય મળતો એટલે ઘણીવાર ઈતિહાસને ક્યાંક અન્યાય થવા જેવું લાગે તો એ શુદ્ધ સ્વરૂપે તારવીને સંશોધન કરવું જોઈએ.

આજના દિને, કારાણીજીને સાચી અંજલિ આપવા પ્રતિબદ્ધ બનીએ. એમનું ઉચિત સ્મારક રચાય, પુસ્તકાલયોમાં કારાણી-કોર્નર સ્થપાય. એમને 'રાષ્ટ્રીય એવોર્ડ' મળે. એમના ધૂળધોયાં સંશોધન કાર્યની વિપુલતાની દૃષ્ટિએ એમને 'માનદ્ ડૉક્ટરેટ'ની પદવી મળવી જોઈએ અને 'કારાણી દિન'ની ઉત્સવ જેમ ઉજવણી થવી જોઈએ. તો જ એમને સાચી અંજલિ આપી ગણાશે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી થી પહેલા દુલેરાય કારાણી જન્મ્યા હોત તો કદાચ, મેઘાણીજીને 'સૌરાષ્ટ્રના કારાણી'નું બિરૂદ મળ્યું હોત !

કારાણીજીની મહેચ્છા : કારાણીજીની મહેચ્છા હતી કે કચ્છના ગામોના નામ કરણની દિશામાં ખેડાણ કરવાની. પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે એમની એ મહેચ્છા અધૂરી રહ્યાનો વસવસો એમણે મને પત્ર દ્વારા જણાવ્યો. (અમારો બંનેનો દાદા પોત્રા જેવો આત્મીય નાતો) એટલું જ નહિ, એ વણ ખેડાયેલી દિશામાં મને આગળ ધપવા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ આપ્યા. મને એમણે 'માનસ વારસદાર' બનાવ્યો. મારી જવાબદારી વધી. મેં યથાશક્તિ ખેડાણ કર્યું એના પરિપાકરૂપે 'લેખમાળા' આપી શકાય તેમ છે. 'કચ્છશ્રુતિ'નું આકર્ષક ગેટઅપ, સુંદર પ્રિન્ટીંગ, દેશ-વિદેશમાં બહોળો ફેલાવો, જેવી બાબતો આંખને ઠારે તેવી છે. 'કચ્છશ્રુતિ' ની આવી આગવી શૈલી પણ, અવાર-નવાર લેખો લખવા મને પ્રેરણા આપે છે. તંત્રીશ્રી ભરત ઓઝાનો આત્મીય હુંફાળો સહકાર ચુંબક જેમ મને ખેંચી લાવ્યો છે. આ ભગીરથ કાર્યમાં ખેડાણ શરૂ થયું છે. પણ હજુ ઘણું ખેડાણ બાકી છે. રસાજ્ઞુ-તજજ્ઞો, ઈતિહાસ વિદોનો સક્રિય સહયોગ મળશે એવી શ્રદ્ધા છે.


**WhatsApp**

❖ દરેક માણસ દિલનો ખરાબ નથી હોતો,
દરેક વ્યક્તિ બેવફા નથી હોતો,
ઓલવાઈ જાય છે
દિવો, ક્યારેક, તેલની કમી ના લીધે,
દર વખતે વાંક હવાનો નથી હોતો !

# કચ્છશ્રુતિનાં કલમકારો (૨)

## શ્રી દિલીપભાઈ વૈશ્નવ, અમદાવાદ

● હંસરાજ કંસારા ●



જન સામાન્યને સ્પર્શતી અને એમને ઉપયોગી થાય તેવી સ્વાસ્થ્ય સંબંધી માહિતી, 'કચ્છશ્રુતિ'ના વાચકો માટે ખાસ એમને સમજાય તેવી સરળ ભાષામાં, રસપ્રદ શૈલીથી પ્રસ્તુત કરનાર 'કચ્છશ્રુતિ' ના કલમકાર શ્રી દિલીપભાઈ વૈશ્નવની કલમથી તો આપણે સહુ સુપેરે પરિચિત છીએ. આ અંકમાં આપણે એમનો આછેરો વ્યક્તિગત પરિચય પણ મેળવીએ.

ઢળતી સાંજે, આપણા ઘરની અંદરની કોઈ દિવાલ પર એકાદ મચ્છર બેઠું હોય તો તેને જોઈને કદાચ આપણે એના વિષે ખાસ કોઈ વિચાર ન કરીએ. પરંતુ દિવાલ પર બેઠેલો એ મચ્છરને કાંઈ જંતુ વિશેષજ્ઞ જુએ તો ?

એમની અભ્યાસુ દૃષ્ટિ એ મચ્છરના બેસવાનો સમય, એનું સ્થળ અને એની બેસવાની સ્ટાઈલ જોઈએ મચ્છર ખાલી કનડે એવો છે કે કરડે તેવો છે, એની જાત અને જાતી કઈ છે અને જો એ માદા 'મચ્છરાણી' હોય તો તેની મેલેરિયા ફાઈલેરીયા, ડેન્ગુ, ચિકનગુનીયા એન્સેફલોઈટીસ જેવા કોઈ રોગના જંતુ વહન કરવાની એની ક્ષમતા કેવી હોઈ શકે તેના પર જરૂર વિચાર કરતો થઈ જાય.

શ્રી દિલીપભાઈ વૈશ્નવ આવા જ એક જંતુ અભ્યાસી જીવ રહ્યા છે. એમની એન્ટોમોલોજી ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો મહત્તમ સમય એમણે આના રોગવાહક વેકટર્સનું રોગ નિયંત્રણ હેતુ મોનીટરીંગ કરવામાં વિતાવ્યો છે. તેઓશ્રીએ રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના આરોગ્ય ખાતામાં ૩૬ વર્ષ સુધી જિલ્લા વિભાગ તેમજ રાજ્ય સ્તરે તેમની સેવાઓ આપી છે.

શ્રી દિલીપભાઈ મૂળ કચ્છ-ભુજના વતની છે. એમના પિતાશ્રી મણીભાઈ ભગવાનજી વૈશ્નવ કચ્છમાં વિવિધ સ્થળોએ પોસ્ટ માસ્તર પદે રહ્યા હતા. શ્રી દિલીપભાઈનો જન્મ તા. ૧-૭-૧૯૩૯ને રોજ કોઠારા (અબડાસા કચ્છ) મધ્યે થયો. પ્રાથમિક શિક્ષણ અંજાર અને લાકડીયામાં તેમજ માધ્યમિક શિક્ષણ માંડવી કચ્છમાં મેળવ્યું. ત્યારબાદ ભુજની લાલન કોલેજમાંથી સાયન્સ ગ્રેજ્યુએટ થયા. ૧૯૫૯માં એમણે ભુજમાં મેલેરીયા નિયંત્રણ ખાતામાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી. સમયાંતરે ખાતાકીય તાલીમ્ ને અનુભવ આધારે પદોન્નતિઓ મેળવતા કચ્છ સહિત ગુજરાતના અન્ય કેટલાક જિલ્લાઓમાં અને છેલ્લે રાજ્યસ્તરે પ્રથમ વર્ગ ગેઝેટેડ પોસ્ટ પર એન્ટોમોલોજીસ્ટ તરીકે મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકડાયેલા રહ્યા. તેઓશ્રી ૧૯૯૫માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પણ થોડો સમય એપીડેમીક કન્ટ્રોલ તેમજ એન્ટોમોલોજી ક્ષેત્રે સંશોધન અને તાલીમ હેતુ કન્સલ્ટન્ટ તરીકે રાજ્ય સરકાર તેમજ અન્ય સંસ્થાઓને સેવાઓ આપી રહ્યા.

મારો (આ લેખકનો) એમની સાથેનો પ્રથમ પરિચય ૧૯૮૯માં દિલ્હીમાં થયો. ત્યારે હું દિલ્હી મધ્યે ભારત સરકારના કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયમાં જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત હતો તે દરમ્યાન એક મિટીંગમાં થયેલો. ત્યારબાદ છેક પંદર વર્ષે, ૨૦૦૫માં અમે અમદાવાદ ખાતે, કચ્છશ્રુતિના પ્લેટફોર્મ પર મળ્યા. ત્યારે હું કચ્છશ્રુતિનો માનદ્ તંત્રી હતો અને તેઓશ્રી કચ્છશ્રુતિના નિયમીત વાચક હતા. જોગાનુજોગ એ અરસામાં અમદાવાદ તેમજ ગુજરાતના અન્ય સ્થળોએ મેલેરિયાના ઘણા કેસો થતા હતા. મેં એમને મેલેરિયાથી બચાવ માટે વ્યક્તિ સ્વયં શું કરી શકે તેવી વિગતે સમજ આપતો. લેખ કચ્છશ્રુતિના વાચકો માટે આપવા અનુરોધ કર્યો હતો. એમણે લેખ આપ્યો. અને ત્યારથી એમનો કચ્છશ્રુતિ માટે નિયમીત લેખો આપવાનો સીલસીલો શરૂ થયો. મેલેરિયા ઉપરાંત ડેન્ગુ, ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ તેમજ અન્ય સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ સમજાવતા અને સરળ માર્ગદર્શન આપતા અનેક લેખો એમણે કચ્છશ્રુતિ માટે આપ્યા છે. તદુપરાંત તેમની વૈકલ્પીક ઉર્જા શ્રેણી પાણી, ખનીજ, તેલ, પક્ષી અભયારણ્ય, ટેમ્પોરલ આર્થરાઈટીસ, વેરીકોઝ વેઈન્સ, અંતસ્રાવી ગ્રંથિઓ શ્રેણી, નેનો ટેકનોલોજી, નોર્મનકઝીન્સ અને બ્લડ ગ્રુપીંગ જેવા વિવિધ વિષયો પર અભ્યાસપૂર્ણ લેખો આપ્યા છે. હાલમાં તેઓશ્રી આહાર-વિહાર અને વિટામીન્સ શ્રેણી અંગે રસપ્રદ વિગતો આપી રહ્યા છે.

શ્રી દિલીપભાઈના લેખો અંગે વાચકોના પ્રતિભાવ મળતા રહે છે. એમનો મેલેરિયા વિષેનો એક લેખ 'વાત એક માછલી'ની ગુજરાત રાજ્યના મેલેરિયા નિયંત્રણ ખાતાએ નકલો કરી, સંબંધિત મેલેરિયા કર્મચારીઓને સ્વાસ્થ્ય શિક્ષણ હેતુ મોકલી હતી. એમનો અન્ય એક લેખ (જુલાઈ અંક ૧૩) સ્વાસ્થ્ય પ્રદ જાંબુ, પરિતોષ, (યુવા પેઢીના ઘડતર માટે સંસ્કારી વાંચન સામગ્રીનું સંકલન કરતું ભોળાભાઈ પટેલ સંપાદીત સામયિક)માં પુનઃ પ્રકાશિત થયો હતો જે કચ્છશ્રુતિ માટે ગૌરવપ્રદ છે.

શ્રી વૈષ્નવભાઈએ કચ્છશ્રુતિના સ્વાસ્થ્ય વિશેષાંક માટે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના વિવિધ નિષ્ણાંતો પાસેથી (ટીબી., એઈડ્સ, મેલેરિયા આદિ)ના લેખો મેળવવામાં સક્રિય સહયોગ આપ્યો હતો. તદુપરાંત એમના પ્રયાસો થકી કચ્છશ્રુતિ માટે ડૉ. હેમંત તથા ડૉ. શ્રીમતી દેવલબેન જેવા દંત વિશેષજ્ઞો, નેહાબેન અંતાણી અને ઉષ્માબેન ઠક્કર - આહાર વિશેષજ્ઞ, ડૉ. નિમેષ સંઘવી યુરોલોજીસ્ટ (પ્રોસ્ટેટ વિષેનો લેખ) આદિ વિવિધ ચિકિત્સા વિશેષજ્ઞોના લેખો પણ મેળવ્યા હતા. એમના પ્રયાસો થકી, બાળરોગ વિશેષજ્ઞ ડૉ. આશિષ ચોકસી કચ્છશ્રુતિ માટે અવાર-નવાર લખતા રહે છે. તેમજ શ્રી વૈશ્નવભાઈના લેખોને મેડિકલ એન્ગલથી ચકાસી એમને યોગ્ય માર્ગદર્શન આપતા રહે છે. વૈશ્નવભાઈના અંતસ્રાવી ગ્રંથીઓ અંગેના લેખ વિષે ડૉ. ચોકસીએ નીચે મુજબ પ્રતિભાવ આપ્યો હતો.

અંતઃસ્રાવી ગ્રંથીઓ વિષેનો આપનો લેખ વાંચ્યો. ગુજરાતી ભાષામાં આવા વિષય પર આટલી ઊંડાણપૂર્વકની માહિતી આપવી પ્રશંસનીય કાર્ય છે. થાઈરોઈડ અને એડ્રીનલ ગ્રંથીની સમાનતા વિષે આપે ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યું છે. (માર્ચ-૨૦૧૨) શ્રી દિલીપભાઈના સહયોગથી કચ્છશ્રુતિને અન્ય ગણમાન્ય મહાનુભાવોના લેખો પણ મળતા રહ્યા છે જેમાં શ્રી કે.બી. બુચ (નિવૃત IAS) શ્રી હરિકાન્ત રાણા અને ડૉ. એન. એસ. દવેના નામો ખાસ ઉલ્લેખનીય છે. આમ અમદાવાદમાં વસતા કચ્છી નિવૃત્ત વડીલોમાંના એક એવા શ્રી દિલીપભાઈએ કચ્છશ્રુતિ થકી કચ્છી સમાજ સાથે ઘનિષ્ઠ સંબંધ જાળવી રાખ્યો છે.

સ્વભાવે ઉદ્યમી છતાં નમ્ર અને ઠરેલ પ્રકૃતિના શ્રી દિલીપભાઈના ધર્મપત્ની ભાવનાબેન પણ ખૂબ જ માયાળુ સ્વભાવના છે. દિલીપભાઈને સંતાનોમાં એક પુત્ર દર્શકભાઈ છે જેઓ ભરૂચ ખાતે ગુજરાત ફર્ટીલાઈઝર કોર્પોરેશનમાં સિનીયર મેનેજર છે. એમની પુત્રી બેંગ્લોરમાં છે. જમાઈ શ્રી દર્શકભાઈ વસાવડા સોફ્ટવેર એન્જીનીયર છે. દિલીપભાઈના પૌત્રી બરખાબેન અમદાવાદ મધ્યે એમ.બી.બી.એસ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. એમના પરિવારના આ બધા સભ્યો દિલીપભાઈને એમની લેખન પ્રવૃત્તિમાં આવશ્યક 'નેટ' સપોર્ટ પ્રોત્સાહન પુરો પાડે છે. અમને વિશ્વાસ છે કે દિલીપભાઈનો કચ્છશ્રુતિના વાચકો સાથેનો નાતો 'મા ભૌમ કચ્છ' સાથેના 'નેહ' જેવો જ સદૈવ મજબુત રહેશે.

# પ્રતિભાવ

● ભરતભાઈ ઓઝાએ તંત્રી સ્થાનેથી કચ્છી સમાજ અમદાવાદ વિશે ચિંતન કરવાની રજુઆત કરી છે. જે ઘણી જ પ્રસંશનીય છે. આપણા કચ્ચી સમાજની ભાવના વધારે સુદ્દઢ બને એ દિશામાં પ્રયત્ન કરવા જરૂરી છે. એજ યોગ્ય છે. કચ્છમાંથી ઘણા લોકો સારવાર અર્થે અમદાવાદ આવતા હોય છે. તેને માટે કયા ક્યા રોગોની નામાંકિત હોસ્પિટલો આવેલી છે. તેની અને લોકોને રહેવા-જમવા માટે હોસ્પિટલની નજીકમાં કઈ કઈ હોટેલ ધર્મશાળા આવેલ છે. તેની વિગત 'કચ્છશ્રુતિ'માં દર્શાવવામાં આવે એ સૌને ઉપયોગી થશે. લોકો પાસે આવી માહિતી હોત તો સમયનો બચાવ થશે. કચ્છશ્રુતિ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામના. **– મહાભાઈ આર. વોરા-ભુજ.**

● હું કચ્છશ્રુતિ સામાયિક પુરે પુરો વાંચું છું. લોહાણા જ્ઞાતિ માટે આ સામાયિક ગૌરવની વાત છે. જ્ઞાતિના સમાચાર, આરોગ્યલક્ષી સમાચાર અને સંસ્થા સમાચાર અને અન્ય લેખકોના લેખો વાંચવાથી ઘણું જાણવાનું મળે છે. તંત્રીશ્રીનો અગ્ર લેખ જેમાં સંસ્થાની સેવાભાવી પ્રવૃત્તિઓથી વાકેફ થવાય છે. ખરેખર તો દૂર બેઠા છતાં નજીક હોઈએ એવી ભાવના ઉત્પન્ન થાય છે. **– મુક્તા નાનજી ઠક્કર 'ઉષા' સુખપર**

● સ્નેહ વંદન, આપનું શિષ્ટ સામયિક અમે મંગાવીએ છીએ ને અમારા પરિવારમાં ખૂબ સારી રીતે રસપૂર્વક વંચાય પણ છે. ધન્યવાદ. આપની સંપાદન કલા માટે અમે સમ્માન ધરાવીએ છીએ આપનું સામયિક પરિવારોમાં સંસ્કાર સૌરભ પ્રસરાવે છે, એ નિર્વિવાદ બાબત છે. અભિનંદન. **– નવનીત પ્રકાશન પરિવાર-અમદાવાદ**

આરોગ્ય

# વિટામીન્સ-૪

• દિલીપ વૈશ્નવ-અમદાવાદ •

## પાણીમાં દ્રાવ્ય વિટામીન

વિટામીન એ, ડી, ઈ અને એચ જે ચરબીમાં દ્રાવ્ય છે તે ચાર વિટામીનોની વાત આપણે છેલ્લા ત્રણ અંકોમાં વાંચી કુલ અગત્યના ૧૩ વિટામીનોમાંથી બાકી રહેતા નવ વિટામીનોની વિગત જાણીએ. પાણીમાં દ્રાવ્ય B કોમ્પ્લેક્ષ અને વિટામીન C છે. જેની લાક્ષણિકતા મુજબ B શ્રેણીના વિટામીનોનું શોષણ સરળતાથી થાય છે. પણ આ વિટામીનોનું સ્ટોરેજ લીવરમાં થતું નથી. શોષણ થયા બાદ લોહીમાં ભળી જઈ લોહીના પરિભ્રમણ દ્વારા શરીરના તમામ કોષોને વિટામીન મળે છે. અને શરીરમાં આવશ્યક જૈવિક કાર્યો કરે છે. જરૂરી પ્રમાણમાં વિટામીનોનો શરીરમાં વપરાશ થયા બાદ વધારાનો જથ્થો મૂત્ર દ્વારા શરીરની બહાર નીકળી જાય છે. વિટામીન C ની વાત કચ્છશ્રુતિના નવેમ્બર-૨૦૧૨માં કરી છે.

B કોમ્પ્લેક્ષના આઠ વિટામીનો શરીરમાં મહત્વની ઘણી જૈવિક ક્રિયા કરે છે. ખાવામાં આવતા ખોરાકમાંથી શરીરને શક્તિ આપે છે. from food to energy ખોરાકમાંથી કાર્બોહાઈડ્રેટસ, પ્રોટીન અને ચરબીનું રૂપાંતર થઈ શરીરને ઉપયોગી થાય છે. આપણી ત્વચા, વાળ, આંખો, લીવર વિગેરેને તંદુરસ્ત રાખવા માટે વિટામીન B જરૂરી છે. લોહી બનાવવા અને ચેતાતંત્ર કાર્યક્રમ રીતે કામ કરી શકે તેમાં વિટામીન B મદદકર્તા છે. આ બધું આપણે આ શ્રેણીના વિટામીનોમાં તેના કાર્યો અને અન્ય વિગત સમજશું. ખાદ્ય પદાર્થોમાંથી અલ્પ માત્રામાં, જરૂરિયાત મુજબ વનસ્પતિજન્ય, માંસાહારી પદાર્થો અને દૂધ અને તેની બનાવટો - ડેરી પ્રોડક્ટસમાંથી આ વિટામીનો ઉપલબ્ધ થાય છે. સંજોગોવસાત્ ઉણપ સર્જાય ત્યારે ડોક્ટરની સૂચના મુજબ B કોમ્પ્લેક્ષ વિટામીનો દવા સ્વરૂપે લઈ ઉણપ દૂર કરી શકાય છે.

વિટામીન B શ્રેણીના આઠ વિટામીનો છે. (૧) થાયામીન (B1) (૨) રિબોફ્લેવીન (B2) (૩) નિયાસીન (B3) (૪) થાયરોડોક્ષીન (B6) (૫) પેન્ટોપેન્ટીક એસિડ (B5) (૬) બાયોટીન (B7) (૭) ફોલીક એસિડ (B9) (૮) વિટામીન (B12) (કોબાલમીન્સ)

થાયામીન પ્રથમ શોધાયું, એટલે તેને વિટામીન (B1) તરીકે ઓળખાયું કારણકે તેના પહેલા વિટામીન શોધાઈ ચુક્યું હતું. આપણા હૃદય, મગજ અને ચેતાતંત્ર ખૂબ સારી રીતે કામ કરી શકે તે માટે થાયામીન ખૂબ જ અગત્યનું વિટામીન છે. મોટાભાગના વિટામીનોની શોધ ૨૦ મી સદીની શરૂઆતમાં થઈ છે. અનેક વિજ્ઞાનીઓ વર્ષો સુધીના સંશોધનો કર્યા છે, તેમાં વિશ્વના કેટલાક દેશોના સૈન્યના (આર્મી) ડોક્ટરોનું પણ મહત્વનું યોગદાન રહેલું છે. તેમાંના ઘણા વિજ્ઞાનીઓને નોબેલ પ્રાઈઝ પણ મળ્યા છે.

વર્ષો પહેલા ટ્રેન, બસ કે વિમાનોની સેવા મુસાફરી માટે ઉપલબ્ધ ન હતી, તે જમાનામાં લોકો મોટા વહાણો અને આગબોટોમાં ખૂબ લાંબા અંતર માટે સમુદ્રી પ્રવાસ કરતા, ત્રાસદાયક અને કંટાળાજનક પ્રવાસ દરમ્યાન ઘણા મુસાફરો, વહાણો - સ્ટીમરના સ્ટાફ વિ. માંદા પણ પડતા નેવીના સૈન્ય પણ આવા પ્રવાસો યુદ્ધના સમયે કરતું. ખોરાક-પાણીના રેશનીંગ હતું, પુરતો ખોરાક ન મળતા કુપોષણને કારણે લોકો બિમાર પડતા. શરીરમાં થાક લાગવો, ક્યારેક જટીલ બીમારીને કારણે મૃત્યુ પણ પામતા. જાપાન દેશના એક ડોક્ટરના ધ્યાને આવ્યું કે તેમના સૈનિકો બેકટરીયાને કારણે બિમારી થતા ન હતા, પણ ભોજનમાં આપવામાં આવતા ખોરાકમાં પોષક તત્વો મળતા નહતા. તેથી સૈનિકો માંદા પડતા. આ જાપાનીઝ ડોક્ટરે નોંધ્યું કે તેના સૈનિકોને દિવસો સુધી જમવામાં માત્ર પોલીસ કરેલા ભાત આપવામાં આવતા હતા, તે કદાચ માંદગીનું કારણ હોઈ શકે. આ હોશિયાર ડોક્ટરે થોડાક પસંદ કરેલા સૈનિકોને ભોજનમાં ભાત સાથે માંસ, મચ્છી, શાકભાજી, બ્રેડ વિગેરે આપવાનું શરૂ કર્યું. તો તેને જે પરિણામ મળ્યું તેથી તેને આનંદ થયો કે આ પ્રકારના ધાન્ય, મચ્છી માંસમાં જે તત્વ છે તેનાથી બિમારી દૂર થઈ શકે છે, તેથી આ માનવીય ડોક્ટરને તેની સરકારને વિનંતી કરી કે, તેમના નૌસૈન્ય બધા જ ને પોલીસ કરેલા રાઈસ સાથે જવ, ધાન્ય, માંસ, મચ્છી, શાકભાજી વિગેરે પુરા પાડવામાં આવે તો સૈનિકની શારીરિક શક્તિ જળવાશે, પણ સરકારે તેની ભલામણ ઠુકરાવી. અન્ય એક વૈજ્ઞાનિકે, ક્રિશ્ચિયન ઐજકમને કેટલીક મચ્છીઓને માત્ર પોલીસ કરેલા ભાત ખવડાવવા, તે બધી મચ્છી બિમાર પડી. લાંબા સમય પછી સ્વીકારવામાં આવ્યું કે શાકભાજી, ધાન્યા વિગેરેમાં બહુ મૂલ્ય પોષક તત્વો છે. વિજ્ઞાનીઓએ સાબિત કર્યું કે અનપોલીસ્ડ રાઈસ અને

ઘઉં તેમજ અન્ય કઠોળ વિગેરેમાં થાયામીન (B1) છે. આ થાયામીન (B1) વિટામીનની શરીરમાં જ્યારે ઉણપ જણાય છે ત્યારે બેરીબેરી નામનો રોગ માનવીને થાય છે. બેરીબેરી શબ્દ સિંહાતીસ ભાષાનો છે, બેરી બેરીનો અર્થ શક્તિ તેવો થાય છે. થાયામીન (B1) ઉણપને કારણે શરીરમાં બેરીબેરીના કેટલાક પ્રકારના લક્ષણો જોવા મળે છે. ત્રણ પ્રકારો બેરીબેરીના છે. બિમારીની શરૂઆતમાં ભૂખ ન લાગવાથી થાય, તેથી શરીરમાં જરૂરિયાત કરતા ઓછો ખોરાક જાય, અશક્તિ આવે, બીમારી પાછળથી ગંભીર બની શકે. (૧) ડ્રાય બેરીબેરી : મુખ્યત્વે આપણી ચેતાતંત્રને ગંભીર અસર શરૂ થાય છે. જ્ઞાનતંતુઓ પર સોજો આવે, હાથપગરમાં ખાલી ચડે, ક્યારેક કોક અંગને લકવાની અસર થાય. (૨) વેટ બેરીબેરી : આ વિટામીનની ખોટ હૃદય, ફેફસાને પ્રતિકુળ અસર કરે છે. હૃદયનું પંપીંગ કાર્ય ધીમું પડી જાય, જે લોહીના પરિભ્રમણને ધીમું કરે છે. શ્વાસોશ્વાસની તકલીફ શરૂ થાય. અશક્તિ આવે, અંગોમાં સોજા આવે, નર્વસ સિસ્ટમ ખોરંભે પડે, મગજને પણ સારી રીતે કામ ન કરે, શરીરના અંગોનુ હલનચલનમાં સંતુલન જળવાય નહીં. કયારેક પેરાલીસીસ પણ થાય.

(૩) ઈનફનટાઈનલ બેરીબેરી : માતામાં જો થાયામીનની ઉણપ હોય તો જન્મેલા બાળકમાં પણ વિટામીન (B1) ની ઉણપ હોય જ. જે બાળકની તંદુરસ્તી માટે જોખમકારક હોય, બાળક અને માતાના હૃદય અને મગજ કામગીરી જોખમાય. આવા સંજોગોમાં ડોક્ટર દવા મારફતે થાયમીનની સારવાર આપી બંનેના સ્વાસ્થ્યની સંભાળ લે છે. આ સિવાય પણ કેટલીક શારીરિક તકલીફ વિટામીન (B1) ની ઉણપને કારણે વર્તાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિટામીન (B1) આપણા શરીર માટે  ખૂબ જ અગત્યનું છે. મનુષ્યના શરીરમં વિટામીન (B1) બનતુ નથી, જેથી બહારના ખાદ્ય સ્રોતો દ્વારા થાયામીન લેવું જરૂરી બને છે. વિટામીન (B1) શરીરમાં ઘણા જૈવિક કાર્યોમાં ભાગ લે છે. ખોરાકનું કાર્બોહાઈડ્રેટ, ફેટ અને પ્રોટીનમાં રૂપાંતર થાય છે. મેટાબોલીઝમ કાર્યમાં અગત્યનો ભાગ લે છે. જેથી શરીરને ઊર્જા પ્રાપ્ત થાય છે. વિટામીન (B1) નાના આંતરડામાં શોષાઈ જાય, તેનું લોહી દ્વારા પરિવહન થઈ શરીરના બધા જ કોષોને આ વિટામીન પ્રાપ્ત થાય છે. વધારાનું વિટામીન (B1) શરીરની બહાર ફેંકાઈ જાય છે. હૃદય, મગજ, ચેતાતંત્ર, સ્નાયુઓ માટે થાયામીન ખૂબ જ જરૂરી છે.

કેફીન પીણા, પદાર્થો ખાવાથી, વધારે પ્રમાણે દારૂ પીવાથી શરીરમાં વિટામીન (B1) નું પ્રમાણ ઓછું થાય, જેથી આ બધા પીણા, પદાર્થો ખાવા નહી. ગંભીર બિમારીઓ, આંતરડાની બિમારી વખતે થાયામીનની ઉણપ સર્જાય છે, જે ડોક્ટર ઔષધ દ્વાર થાયામીન સારવાર રૂપે આપી બિમારી દૂર કરે છે. પ્રત્યેક જણે સરેરાશ રોજનું ૧ થી ૧.૫ મિલી ગ્રામ જેટલું થાયામીન આહાર દ્વારા લેવું જોઈએ. રસોઈ દ્વારા આ વિટામીન અંશતઃ નાશ પામે છે. યીસ્ટમાં ભરપૂર પ્રમાણમાં વિટામીન (B1) રહેલુ છે. માંસાહારી વ્યક્તિઓને લીવર, ઈંડા, માછલી વિગેરેમાંથી વિટામીન (B1) મળી શકે છે. પડવાળા બધા જ અનાજમાં પણ ભરપૂર પ્રમાણમાં થાયામીન રહેલું હોય છે. ધાન્ય, ઓટમીલ, દહીં, શાકભાજી, સંતરા, બટાટા, કોબી, બ્રાઉન રાઈસ, થૂલા સહિત ઘઉંનો લોટ, ઘઉંના ફાડા, નટસ, ફળો વિગેરેમાં વિટામીન (B1) રહેલું છે. યાદ રાખો કે આપણા મગજ, હૃદય, નર્વસ સિસ્ટમ અને અન્ય અંગો માટે થાયામીન વિટામીન અત્યંત જરૂરી છે. થાયમીન (B1) ની ઉણપથી બેરીબેરી નામની બિમારી થાય. તે તમે આગળ વાંચ્યું. આ બિમારી ધરાવતા કેટલાક દર્દીઓને (B1) યુક્ત પદાર્થો ખવડાવતા આ બિમારી મટાડી શકાઈ હતી. બેરીબેરીના ત્રણ પ્રકારો તેમજ તેના લક્ષણો તમે વાંચ્યા. ઉણપથી અન્ય બિમારી થઈ શકે તે પર નજર નાખીએ.

દારૂ પીનાર ખોરાક પ્રત્યે કાળજી લેતો નથી, આથી તેને વિટામીન (B1) ઓછું મળે, વળી એના આંતરડાને સોજા આવે જેથી વિટામીનનું શોષણ થતું નથી. થોડું પણ વિટામીનનું શોષણ થયું હોય તે વારંવાર પેશાબને કારણે બહાર નીકળી જાય. થાયામીનની આ ઉણપથી મગજ, ચેતાતંત્ર પર બુરી અસર થાય. મગજ અને ચેતાતંત્રની કામગીરી ખોરવાય છે. શરીર લડથ કે પગ બરાબર ન ચાલે, બોલવામાં લોચા પડે, આંખના ડોળાનું હલનચલન ન થાય, માનસિક તકલીફ ધરાવે છે. યાદશક્તિ ઘટે છે. આ બિમારી આલ્કોહોલીક બ્રેઈન ડીસીઝ કહેવાય. આવી વ્યક્તિએ દારૂ છોડી આહાર પ્રત્યે કાળજી લેવી જોઈએ, તેમજ વિટામીન (B1) ની પુરક સારવાર ડોક્ટર મારફતે લઈ શકે છે.

વિટામીન (B1) ની ઉણપ આંખોના જ્ઞાનતંતુ પર સોજા લાવે છે, આથી જોવામાં મુશ્કેલી થાય, ઝાંખુ દેખાવાથી તકલીફ શરૂ થાય, ચીજવસ્તુનો રંગ પણ પારખી શકે નહીં, જો વ્યક્તિ બેદરકાર રહે તો આ ઉણપ તે વ્યક્તિને દ્રષ્ટિહીન કરી શકે છે. આલ્ઝાઈમરની બિમારી થાયામીનની ઉણપ સર્જી શકે છે. ઉક્ત બધી જ તકલીફો યોગ્ય પૌષ્ટિક આહારથી તેમજ દાકતરી સારવારથી દૂર કરી શકાય છે. આમ, આપણા શરીરને સ્વસ્થ રાખવા માટે થાયામીન ખૂબ જ જરૂરી છે, જે આપણને રોજબરોજના ખાદ્યપદાર્થોમાંથી મળી શકે છે.

હવે પછીના અંકમાં વિટામીન (B2) (રિબોફલેવીન) અને વિટામીન (B3) (નિઆસીન) વિષે જાણીશું. **(ક્રમશઃ)**

# કચ્છ જિલ્લાની ટપાલ-કચેરીઓ

● ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર ●

કચ્છ જિલ્લાની ટપાલકચેરીઓના પીન કોડ, એસટીડી કોડ અને ફોન નંબર સાથેની સંપૂર્ણ યાદી

| સળંગ અને પેટા ક્રમ | સબ પોસ્ટ ઓફિસનું નામ | પીન કોડ | એસટીડી કોડ | ફોન નંબર | બ્રાન્ચ ઓફિસો |
|---|---|---|---|---|---|
| | | **અબડાસા તાલુકો** | | | |
| ૧ | કોઠારા | ૩૭૦ ૬૪૫ | ૦૨૮૩૧ | ૨૮૨૨૨૫ | ૯ |
| ૨ | જખૌ | ૩૭૦ ૬૪૦ | ૦૨૮૩૧ | ૨૮૭૨૩૪ | ૩ |
| ૩ | ડુમરા | ૩૭૦ ૪૯૦ | ૦૨૮૩૧ | ૨૮૩૨૪૦ | ૯ |
| ૪ | તેરા | ૩૭૦ ૬૬૦ | ૦૨૮૩૧ | ૨૮૯૨૨૫ | ૮ |
| ૫ | નલીયા | ૩૭૦ ૬૫૫ | ૦૨૮૩૧ | ૨૨૨૩૧૭ | ૧૩ |
| ૬ | મોથાળા | ૩૭૦ ૬૫૦ | ૦૨૮૩૧ | ૨૭૨૨૩૫ | ૧૬ |
| ૭ | સાંઘીપુરમ્ | ૩૭૦ ૫૧૧ | ૦૨૮૩૧ | ૨૭૪૧૩૧ | ૬ |
| | | | | **કુલ** | **૬૪** |
| | | **અંજાર તાલુકો** | | | |
| ૮-૧ | અંજાર મુખ્ય ડાક ઘર | ૩૭૦ ૧૧૦ | ૦૨૮૩૬ | ૨૪૨૫૪૦ | ૧૪ |
| ૯-૨ | ખેડોઈ | ૩૭૦ ૧૩૦ | ૦૨૮૩૬ | ૨૭૫૨૩૦ | ૮ |
| | | | | **કુલ** | **૨૨** |
| | | **ગાંધીધામ તાલુકો** | | | |
| ૧૦-૧ | આદીપુર | ૩૭૦ ૨૦૫ | ૦૨૮૩૬ | ૨૬૦૬૫૮ | ૬ |
| ૧૧-૨ | કંડલા પોર્ટ | ૩૭૦ ૨૧૦ | ૦૨૮૩૬ | ૨૭૦૨૩૪ | ૧ |
| ૧૨-૩ | કંડલા હાર્બર | ૩૭૦ ૨૧૦ | ૦૨૮૩૬ | ૨૭૦૪૨૦ | — |
| ૧૩-૪ | ગાંધીધામ-મુખ્ય ડાક ઘર | ૩૭૦ ૨૦૧ | ૦૨૮૩૬ | ૨૨૧૫૭૦ | — |
| ૧૪-૫ | ગાંધીધામ-ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | ૩૭૦ ૨૦૧ | ૦૨૮૩૬ | ૨૫૩૯૩૩ | — |
| ૧૫-૬ | ગાંધીધામ-ઉદયનગર (ઈફકો) | ૩૭૦ ૨૦૩ | ૦૨૮૩૬ | ૨૨૦૭૭૩ | — |
| ૧૬-૭ | ગાંધીધામ-ગોપાલપુરી | ૩૭૦ ૨૪૦ | ૦૨૮૩૬ | ૨૩૪૪૨૦ | ૫ |
| ૧૭-૮ | ગાંધીધામ-ફ્રી ટ્રેડ ઝોન | ૩૭૦ ૨૩૦ | ૦૨૮૩૬ | ૨૫૨૩૦૮ | — |
| | | | | **કુલ** | **૧૨** |
| | | **નખત્રાણા તાલુકો** | | | |
| ૧૮-૧ | કોટડા-જડોદરા | ૩૭૦ ૬૦૫ | ૦૨૮૩૫ | ૨૮૪૪૩૦ | ૧૨ |
| ૧૯-૨ | ખોંભડી | ૩૭૦ ૬૭૦ | ૦૨૮૩૫ | ૨૮૮૮૩૪ | ૫ |
| ૨૦-૩ | નખત્રાણા | ૩૭૦ ૬૧૫ | ૦૨૮૩૫ | ૨૨૨૧૫૦ | ૨ |
| ૨૧-૪ | નેત્રા-માતાજી | ૩૭૦ ૬૨૦ | ૦૨૮૩૫ | ૨૭૪૪૩૨ | ૫ |
| ૨૨-૫ | મંજલ (મંગવાણા) | ૩૭૦ ૬૧૦ | ૦૨૮૩૫ | ૨૭૨૪૪૨ | ૪ |
| ૨૩-૬ | મોટી વિરાણી | ૩૭૦ ૬૨૫ | ૦૨૮૩૫ | ૨૨૨૧૬૦ | ૭ |
| ૨૪-૭ | રવાપર | ૩૭૦ ૬૭૫ | ૦૨૮૩૫ | ૨૭૫૫૩૦ | ૧૨ |
| ૨૫-૮ | વિથોણ | ૩૭૦ ૬૬૫ | ૦૨૮૩૫ | ૨૮૩૩૩૦ | ૬ |
| | | | | **કુલ** | **૫૩** |
| | | **ભચાઉ તાલુકો** | | | |
| ૨૬-૧ | આધોઈ | ૩૭૦ ૧૩૫ | ૦૨૮૩૭ | ૨૮૪૪૨૧ | ૩ |
| ૨૭-૨ | ભચાઉ | ૩૭૦ ૧૪૦ | ૦૨૮૩૭ | ૨૨૪૦૫૫ | ૨૦ |
| ૨૮-૩ | લાકડિયા | ૩૭૦ ૧૪૫ | ૦૨૮૩૭ | ૨૭૩૩૦૫ | ૧૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૪ | સામખિયાળી | ૩૭૦ ૧૫૦ | ૦૨૮૩૭ | ૨૮૩૩૩૦ | ૬ |
| | | | | **કુલ** | ૪૦ |
| | | **ભુજ તાલુકો** | | | |
| ૩૦-૧ | કુકમા | ૩૭૦ ૧૦૫ | ૦૨૮૩૨ | ૨૭૧૨૩૫ | ૧૩ |
| ૩૧-૨ | કેરા | ૩૭૦ ૪૩૦ | ૦૨૮૩૨ | ૨૮૨૨૩૨ | ૩ |
| ૩૨-૩ | ખાવડા | ૩૭૦ ૫૧૦ | ૦૨૮૦૩ | ૨૮૮૨૩૧ | ૧૫ |
| ૩૩-૪ | દહીંસરા | ૩૭૦ ૪૮૫ | ૦૨૮૩૨ | ૨૮૬૨૩૫ | ૯ |
| ૩૪-૫ | નારાણપર (પસાયતી) | ૩૭૦ ૪૨૯ | ૦૨૮૩૨ | ૨૮૨૨૪૩ | — |
| ૩૫-૬ | બળદિયા | ૩૭૦ ૪૨૭ | ૦૨૮૩૨ | ૨૮૨૨૪૦ | ૩ |
| ૩૬-૭ | ભુજ-હેડ પોસ્ટ ઓફિસ | ૩૭૦ ૦૦૧ | ૦૨૮૩૨ | ૨૨૦૭૦૬ | ૧૬ |
| ૩૭-૮ | ભુજ-દરબારગઢ ચોક | ૩૭૦ ૦૦૧ | ૦૨૮૩૨ | ૨૨૨૬૫૦ | — |
| ૩૮-૯ | ભુજ-દીનદયાલ નગર | ૩૭૦ ૦૦૨ | ૦૨૮૩૨ | ૨૪૫૨૨૨ | — |
| ૩૯-૧૦ | ભુજ-બીએસએફ કેમ્પ | ૩૭૦ ૦૧૫ | ૦૨૮૩૨ | ૨૨૧૪૫૦ | — |
| ૪૦-૧૧ | માધાપર | ૩૭૦ ૦૨૦ | ૦૨૮૩૨ | ૨૪૦૮૮૧ | ૧૭ |
| ૪૧-૧૨ | માનકુવા | ૩૭૦ ૦૩૦ | ૦૨૮૩૨ | ૨૭૫૨૨૮ | ૧૩ |
| ૪૨-૧૩ | સુખપર | ૩૭૦ ૦૪૦ | ૦૨૮૩૨ | ૨૮૩૨૫૬ | ૪ |
| | | | | **કુલ** | ૯૩ |
| | | **માંડવી તાલુકો** | | | |
| ૪૩-૧ | કોડાય | ૩૭૦ ૪૬૦ | ૦૨૮૩૪ | ૨૭૫૫૨૯ | ૧ |
| ૪૪-૨ | ગઢસીસા | ૩૭૦ ૪૪૫ | ૦૨૮૩૪ | ૨૮૨૨૪૦ | ૧૧ |
| ૪૫-૩ | ગુંદિયાળી | ૩૭૦ ૪૫૫ | ૦૨૮૩૪ | ૨૮૭૨૦૯ | ૩ |
| ૪૬-૪ | ગોધરા | ૩૭૦ ૪૫૦ | ૦૨૮૩૪ | ૨૭૪૪૪૦ | ૧૧ |
| ૪૭-૫ | બિદડા | ૩૭૦ ૪૩૫ | ૦૨૮૩૪ | ૨૪૪૨૨૧ | ૮ |
| ૪૮-૬ | માંડવી-મુખ્ય ડાક ઘર | ૩૭૦ ૪૬૫ | ૦૨૮૩૪ | ૨૨૨૨૬૬ | ૧૪ |
| ૪૯-૭ | માંડવી-સાંજીપડી | ૩૭૦ ૪૬૫ | ૦૨૮૩૪ | ૨૨૩૨૪૫ | — |
| ૫૦-૮ | લાયજા | ૩૭૦ ૪૭૫ | ૦૨૮૩૪ | ૨૮૩૩૩૦ | ૭ |
| | | | | **કુલ** | ૫૫ |
| | | **મુન્દ્રા તાલુકો** | | | |
| ૫૧-૧ | કપાયા | ૩૭૦ ૪૧૫ | ૦૨૮૩૮ | ૨૨૨૧૪૧ | ૫ |
| ૫૨-૨ | ગુંદાલા | ૩૭૦ ૪૧૦ | ૦૨૮૩૮ | ૨૮૬૬૪૩ | ૧૦ |
| ૫૩-૩ | પત્રી | ૩૭૦ ૪૨૫ | ૦૨૮૩૮ | ૨૮૫૫૩૩ | ૪ |
| ૫૪-૪ | ભદ્રેશ્વર | ૩૭૦ ૪૧૧ | ૦૨૮૩૮ | - | - |
| ૫૫-૫ | ભુજપુર | ૩૭૦ ૪૦૫ | ૦૨૮૩૮ | ૨૪૦૦૩૨ | ૭ |
| ૫૬-૬ | મુન્દ્રા | ૩૭૦ ૪૨૧ | ૦૨૮૩૮ | ૨૨૨૧૪૦ | ૪ |
| | | | | **કુલ** | ૩૦ |
| | | **રાપર તાલુકો** | | | |
| ૫૭-૧ | આડેસર | ૩૭૦ ૧૫૫ | ૦૨૮૦૬ | ૨૮૭૭૨૪ | ૧૭ |
| ૫૮-૨ | ભીમાસર (ભુટકીયા) | ૩૭૦ ૧૬૦ | ૦૨૮૦૬ | ૨૮૮૩૩૦ | ૧ |
| ૫૯-૩ | રાપર | ૩૭૦ ૧૬૫ | ૦૨૮૩૦ | ૨૨૦૦૨૦ | ૩૨ |
| | | | | **કુલ** | ૫૦ |
| | | **લખપત તાલુકો** | | | |
| ૬૦-૧ | ઘડુલી | ૩૭૦ ૬૨૭ | ૦૨૮૩૯ | ૨૭૨૨૩૪ | ૧૨ |
| ૬૧-૨ | વર્માનગર પાન્ધ્રો | ૩૭૦ ૬૦૧ | ૦૨૮૩૯ | ૨૮૨૨૬૦ | — |
| | | | | **કુલ** | ૧૨ |

**સૌજન્ય : શિવજીભાઈ આર. મોઢ, ભુજ**

સેમીનાર - કચ્છી સાહિત્ય અકાદમી

# 'બન્નીમાં સ્થાનિક લોકો લખતા થશે તો જ બન્નીની અસ્મિતાને ઓળખ મળશે'

• કલાધર મુતવા •



કચ્છની રણ કાંધીએ સિંધી કચ્છી મિશ્રિત સંસ્કૃતિ ધરાવતા બન્ની પચ્છમ પરદેશની ઓળખ કંઈક આગવા પ્રકારની છે. જે માલધારી સંસ્કૃતિ તરીકે પોતાની ઓળખ ઊભી કરતો જાય છે. અહીંની ભાષા, પહેરવેશ, રીત-રિવાજો પોતીકી એવી છાંટ ધરાવે છે. પ્રદેશની આ ખાસિયતને વાચા આપવા કચ્છી સાહિત્ય અકાદમી-ગાંધીનગર, કચ્છી કલા સાહિત્ય સંઘ-નખત્રાણા અને સહજીવન ભુજના સંયુક્ત ઉપક્રમે બન્ની પચ્છમજો લોકજીવન વિષય પર સેમીનાર યોજાઈ બન્ની સિંધુ સેવા સંઘ, ગોરેવાલીમાં યોજાઈ ગયો. જેને સહજીવન અને ખમીર જેવી કચ્છની જાણીતી સંસ્થાઓના સંચાલિકા સુષ્મા આયંગરે દીપ પ્રગટાવીને ખુલ્લું મુક્યું.



આ કાર્યક્રમમાં ડોક્ટર કાંતિ ગોર સમારંભના અધ્યક્ષ તરીકે, કીર્તી ખત્રી મુખ્ય મહેમાન તરીકે અને અતિથી વિશેષ તરીકે જયંતી જોશી શબાબ, મીરખાન મુતવા, મિયાં હુસેન મુતવા, રમજાન હાલેત્રા, માધવ જોશી રહ્યા હતા. સૌએ કાર્યક્રમ અનુરૂપ વક્તવ્ય આપ્યાં હતા. બન્નીની સંસ્કૃતિના જતન થવા જોઈએ અને તે વિશ્વ સમક્ષ ઉજાગર થવી જોઈએ. અને આવા કાર્યક્રમમાં સ્થાનિક શિક્ષિત યુવા પેઢી રસ લેશે તો જ આ સંસ્કૃતિનું જતન થઈ શકશે એવો સૌ વકતાઓના વક્તવ્યનો સુર હતો.

ઉદ્‌ઘાટન બાદ પેપર વાંચનનું દૌર ચાલ્યો. પેપર વાંચનના આ પ્રથમ સત્રના અધ્યક્ષ કચ્છ યુનિવર્સીટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ ડૉ. કાંતિ ગોર હતા. જેમાં વિશ્રામ ગઢવીએ બન્ની પચ્છમનો ઇતિહાસ, અબ્દુલ બાસિત મુતવાએ બન્ની પચ્છમનો પહેરવેશ, અબ્દુલ અજીજ ખત્રીએ બન્ની પચ્છમની બોલી તથા અબ્દુલ ગની સમાએ બન્ની પચ્છમની રહેણીકરણી તથા રીત રિવાજ પર પોતાના અભ્યાસ લેખ રજૂ કર્યા હતા.

બીજા સત્રના અધ્યક્ષ કચ્છના જાણીતા સાહિત્યકાર નારાયણ જોષી કારાયલ હતા. જેમાં કલાધર મુતવાએ બન્ની પચ્છમનો લોક સાહિત્ય, રોહીણિ કોટકે બન્ની પચ્છમની હસ્ત કલાઓ અને રમેશ ભટ્ટીનો લખેલો બન્ની પચ્છમમાં પશુઓ સંબંધિત રૂઢિપ્રયોગો અને કહેવતો નિબંધ લાલજી મેવાડાએ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં બન્નીના દૂર સુદુરના ગામડાઓમાંથી માલધારી સમુહના લોકો એ મોટી સંખ્યામાં હાજરી આપી માદરે વતન પ્રત્યેની પ્રેમની પ્રતીતિ કરાવી હતી.

ઈસા હુસેન મુતવાએ આવેલ લોકોને શબ્દગુચ્છ રૂપે આવકાર આપ્યું હતું. જ્યારે રશીદ સમાએ આભાર વિધિ કરી હતી. આ સેમીનારના સંયોજક કલાધર મુતવા હતા. પધારેલ મહેમાનો તથા સૌ નિબંધ વાચકોનું અકાદમીના પરંપરા મુજબ પુસ્તક આપી સન્માન કરાયું હતું.

કાર્યક્રમની વ્યવસ્થા સોયબ મુતવા, ફતેહમામદ તથા સ્ટાર યુવા ગ્રુપના બન્નીના યુવાનોએ સંભાળી હતી.


પ્રતાપસિંહ
પેંડાવાલા
(બાપુ પેંડાવાલા)
કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશ્યાલીસ્ટ
શિયાળાની સિઝનમાં કચ્છી અડદીયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.
શુદ્ધ દેશી ઘીની મિઠાઈ, દુધની મિઠાઈ, કાજુકતરી-ડ્રાયફ્રુટની મિઠાઈ
નમકીન્સ તથા ચેવડા
સુકીર્તિ ટાવર, શ્રેય સોસાયટીની બાજુમાં, આગમન એપાર્ટમેન્ટની સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.


મણિનગરના અસલી
કર્ણાવતી
દાબેલી મસાલો
Net Weight 250g
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.


ROOPALEE CHASMAGHAR
all branded white contact lenses and colour contact lenses
Alcon
CIBA VISION
AIR OPTIX
FRESHLOOK
BAUSCH + LOMB
Shop No.2, Hirak Centre, Opp Sardar Patel Statue,
Nehru Park, Vastrapur, Ahmedabad.
26765000, 9879750000


|| જય જલારામ ||
With Best Compliments from ....
મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન, કર્ણાવતી દાબેલીથી જ શોભે...
મીક્સફ્રુટ દાબેલી
વડાપાઉં
નકલી નામથી સાવધાન
કર્ણાવતી
દાબેલી સેન્ટર
(મણીનગર-ઉત્તમનગરના પ્રખ્યાત)
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧
મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭

# કચ્છડો કામણગારો

## મહાબંદર કંડલા






સિંધ પ્રાંતના કરાંચી જેવા મહાબંદરને ભાગલાને કારણે ગુમાવ્યા પછી તેનાથી દક્ષિણ-પૂર્વ તરફ ૨૫૬ નોટીકલ માઈલે કચ્છના અખાતમાં આવેલ કંડલા બંદરનું બાંધકામ એક મહાબંદરની જરૂરીયાતો મુજબ ૧૯૫૦માં શરૂ કરવામાં આવેલ. આ બંદર મુંબઈની ઉત્તર-પશ્ચિમે ૪૩૦ નોટીકલ માઈલ દૂર આવેલ છે. માલ-સામાન (કાર્ગો) હેન્ડલીંગની દ્રષ્ટિએ તે હિન્દુસ્તાનનું સૌથી મોટું બંદર છે.

બ્રિટીશ રોયલ ઈન્ડિયા નેવીએ કંડલાના કાંઠાની બંદર તરીકેની ક્ષમતા ૧૮૫૧માં તપાસેલ, પરંતુ ૧૯૨૨ સુધી તેઓએ સર્વે કરેલ નહીં. ૧૯૩૧માં મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાએ જાતે જગ્યા જોઈ અને અંજારથી કંડલાની રેલ્વે લાઈન લંબાવીને અહીં જેટી બનાવી તેને બંદર તરીકે સ્થાપીત કર્યું. ૧૯૫૨માં પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુએ આ બંદરને વિકસીત કરીને મહાબંદર બનાવવા માટેના બાંધકામની પાયાવિધી કરીને એપ્રિલ ૧૯૫૫માં તેને ખુલ્લું મૂકવામાં આવેલ. તેના વહીવટ માટે ૧૯૬૩માં કંડલાપોર્ટ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. ૧૯૯૮માં આવેલ ભયંકર વાવાઝોડાને કારણે આ બંદરે સારી એવી નુકશાની વેઠવી પડેલ અને ૧૦૦૦ કરતાં વધારે લોકો ત્યારે મરણને શરણ થયેલ. મુક્ત વ્યાપાર માટે ૧૯૬૫માં આખા એશિયા અને ભારતના પ્રથમ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન તરીકેનું માન હિન્દુસ્તાનની પશ્ચિમે આવેલ આ મહાબંદરને મળેલ છે.

આ બંદરે ૨૦૧૩માં માલા (મેરીટાઈમ અને લોજીસ્ટિક એવોર્ડ) સતત ચોથી વખત મેળવેલ છે. નક્કી થયેલ ટાર્ગેટ (૮૯.૦૦ મિલીયન મેટ્રીક ટન)થી પણ વધારે (૯૩.૬૩ મિલીયન મેટ્રીક ટન) કાર્ગો હેન્ડલ કરીને આ વર્ષે પણ સતત છેલ્લા પાંચ વર્ષનો પ્રથમ નંબર જાળવી રાખીને એક રાષ્ટ્રીય રેકોર્ડ બનાવેલ છે. ભારતના બાર મહાબંદરોમાં ઈન્ટરનેશનલ દરિયાઈ વ્યાપારમાં ટનેજને હિસાબે અને નાણાંકીય સદ્ધરતાની દ્રષ્ટિએ નંબર એકનું સ્થાન જાળવતું કંડલા બંદર દરેક પસાર થતા વર્ષે વધારે મજબુત બનતું જાય છે. છેલ્લા ચાર વર્ષોમાં ૩૦ મેટ્રીક મિલીયન ટન કાર્ગો હેન્ડલીંગનો વધારો, કસ્ટમ બાઉન્ડ એરિયા ૬૬ હેક્ટરથી ૧૪૦ હેક્ટર, બાંધેલા ગોડાઉનની કેપેસીટી ૩,૫૮,૦૦૦ ટનથી ૬,૪૭,૦૦૦ ટન અને આંતરિક રેલ્વે લાઈન ૧૩ કિમી. થી ૨૦ કિમી., ફલોટીંગ ટગ ૭માંથી વધીને ૧૩, મૂરીંગ લોંચો ૬ થી ૧૦ અને મોબાઈલ કેઈનોમાં ૪નો વધારો. આ રીતે આ પોર્ટ એશિયાના એક અગત્યના ગ્લોબલ લોજીસ્ટીક હબ તરીકે વિકાસની હરણફાળ ભરી રહેલ છે.

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)

# કચ્છડો કામણગારો

## કચ્છનું આર્થિક પાટનગર ગાંધીધામ












ત્યારે હજુ કચ્છના મહારાઓ શ્રી વિજયરાજજીએ કચ્છને હિન્દુસ્તાન સાથે જોડતા દસ્તાવેજો ઉપર સહી કરેલ ન હતી જ્યારે ૧૯૪૭માં દેશના ભાગલા પડવાને કારણે સિંધ પ્રાંતમાંથી હિન્દુ નિર્વાસીતો મોટી તાદાતમાં અહીં આવવા લાગ્યા. મહાત્મા ગાંધીજીની સલાહથી મહારાવે ૧૫૦૦ એકર જમીન તેમના પુનર્વસવાટ માટે તેમને ચરણે ધરી અને આચાર્ય કિપલાની આ અધ્યક્ષસ્થાને સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશનની (એસઆરસી) સ્થાપના કરવામાં આવી જેના મેનેજીંગ ડાયરેક્ટર બન્યા ફ્રીડમ ફાઈટર ભાઈ પ્રતાપ દિયાલરામ.

કચ્છના હિન્દુસ્તાન સાથેના જોડાણના દસ્તાવેજ ઉપર ૧૯૪૮માં સહી થઈ અને તે ભારતમાં સરકારનું સી કક્ષાનું રાજ્ય બન્યું. દરમિયાનમાં એસઆરસી અને સરકારશ્રીએ નિરાશ્રીતોના રહેણાંક અને રોજગારી માટે આ શહેરનું ટાઉન પ્લાનીંગ ૧૯૫૨માં ફાઈનલ કર્યું અને ગાંધીજીના આશીર્વાદથી ૧૯૪૭માં થયેલ પાયાવિધીને કારણે આ શહેરનું નામ ગાંધીધામ રાખવામાં આવ્યું.

એમ કહેવાય છે કે ત્યારે અંજારથી દશ-પંદર માઈલના અંતરે આવેલ આ પડતર જમીન વિંછીઓ અને સરપોથી છવાયેલ હતી. ભાઈ પ્રતાપે આ ત્રાસ દૂર કરવા એક વિંછીને મારવાના ૨૫ પૈસા તેમજ એક સર્પને મારવા માટે ૫૦ પૈસા ઠરાવીને તેમનો નાશ કરાવેલ.

ભારતીય રેલ્વે દ્વારા હિન્દુસ્તાનના મોટાભાગના મોટા શહેરોથી સંકળાયેલ અને મહાબંદર કંડલાથી માત્ર ૧૫ કિમી.ના અંતરે આવેલ ગાંધીધામની વસ્તી ૨૦૦૧ના ધરતીકંપ પછી તેની આજુબાજુમાં ઊભા થયેલ અનેક મોટા ઉદ્યોગોને કારણે કુદકે ને ભુસકે વધી રહેલ છે. છેલ્લા ત્રણ દાયકામાં ૧૯૯૧માં એક લાખ ઉપર પહોંચેલ જનસંખ્યા વધીને ૨૦૦૧માં દોઢી અને ૨૦૧૧માં ૨,૪૭,૯૯૨ થયેલ છે. હાલમાં જ આ શહેરે તેની ૬૬ મી વર્ષગાંઠ ફેબ્રુઆરી મહિનામાં મેરેથોન દોડ, કાર્નીવલ ઈ. કાર્યક્રમો કરીને મનાવેલ છે. વસ્તીની દ્રષ્ટિએ કચ્છમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતું આ એક ઝડપથી વિકસતું શહેર ત્યાંના વેપાર-રોજગારને કારણે યથાર્થ રીતે જ કચ્છની આર્થિક રાજધાની કહેવામાં આવે છે.

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)


Wide Range of Colours
WHITE
IVORY
GREY
BLUE
RED
GREEN
Anti-capillary groove system
Bajrang
corrugated
roofing
sheets
Gadhpat Technofab Pvt. Ltd.
Mfg. of All Types colour Corrugated Roofing Sheets
Address : Plot No. 404, Road No. 10, Phase-II, Kathvada
G.I.D.C.-Odav, Ahmedabad-382430.
Ph. 079-65106666 M. 9978470000
E-mail : gadhpat.technofab@yahoo.com
Website : www.gadhpatroofing.com



# શબ્દોની કમ્પ્યૂગ્રાફી

● તુલસીદાસ કંસારા ●

**હાર્ડવેર :** હાર્ડવેર એટલે જોઈ શકાય તેવા ભૌતિક, વાસ્તવિક કમ્પ્યુટરના પૂર્જાઓ.

**ક્વેર્ટી (કીબોર્ડ) :** કમ્પ્યૂટરોમાં ટાઈપરાઈટર જેવી કી (ચાવીઓ કે બટનો) ધરાવતું કીબોર્ડ આપેલ હોય છે. જેમાં




અક્ષરો અને આંકડાઓ સહિતના બટનોનો સેટ પ્રચલિત ટાઈપરાઈટરના લેઆઉટ પ્રમાણે જ હોય છે જેને ક્વેર્ટી લેઆઉટ કહેવામાં આવે છે. અંગ્રેજીના પ્રથમ છ અક્ષરોને કારણે તેનું નામ ક્વેર્ટી પડેલ છે. તમે જોઈ શકો છો કે તેમાં એથી ઝેડ સુધીના ૨૬ અક્ષરો ટાઈપટાઈટરના કીબોર્ડની જેમજ ગોઠવવામાં આવેલ છે, આથી તેને ટાઈપરાઈટર્સ કીઝ કહેવામાં આવે છે.

**ક્વેટૂનો ઈતિહાસ :** ૧૮૬૮માં સી.એલ.શોલ્સે ટાઈપરાઈટર માટે પેટન્ટ લીધેલ. પરંતુ કી એકબીજા સાથે ચોંટતી હતી અને સ્પીડ મળતી ન હતી તેથી અમુક ચાવીઓમાં ફેરફાર કરી ને આ ક્વેર્ટીની શોધ કરી અને ૧૮૭૮માં તેની પેટન્ટ લીધી. આજ લેઆઉટ કમ્પ્યુટરોના કીબોર્ડો માટે પણ હવે પ્રચલિત થઈ ગયેલ છે. અલબત્ત, કીબોર્ડો માટે હજુસુધી કોઈ સ્ટાન્ડર્ડાઈઝેશન થયેલ નથી, પરંતુ મોટાભાગની કીબોર્ડ બનાવતી કંપનીઓ આ લેઆઉટને અનુસરે છે.

**કીવોરાક કીબોર્ડ :** ૧૯૩૦માં ઓગષ્ટ કીવોરાકે એબીસીડીના બધા જ આલ્ફાબેટસને કીબોર્ડની મધ્યમની લાઈનોમાં ગોઠવીને ક્વેર્ટી કરતા અલગ ડીઝાઈનનું કીબોર્ડ બનાવેલ જે વોરાક કીબોર્ડ તરીકે ઓળખાય છે. ઘણા કોમ્પ્યુટરોમાં એ કીબોર્ડ વિકલ્પ તરીકે મળે છે. પરંતુ હજુ સુધી તે ખાસ પ્રચલિત થયેલ નથી. આ સિવાય, મેકીન્ટોશ કંપનીના કીબોર્ડને તેનું એપલ ડેસ્કટોપ બસ (એડીબી) મારફતે જોડાણ થતું હોવાને કારણે એડીબી કીબોર્ડ કહેવામાં આવે છે.

**સોફ્ટવેર :** સોફ્ટવેર એટલે સ્પર્શી ન શકાય તેવા, બીનભૌતિક કમ્પ્યૂટરના પ્રોગ્રામ, કમ્પ્યૂટરને ચલાવવા માટે હાર્ડવેર અને સોફ્ટવેર એકબીજાના પૂરક છે. એક વિના બીજું ચાલી શકે નહી.




**બીટ :** દ્વિ અંકી પદ્ધતિ (બાયનરી ડીઝીટ સિસ્ટમ)માં માપવા માટેનું નાનામાં નાનું યુનિટ એટલે એક બીટ. કમ્પ્યૂટર ડાટાના જથ્થા કે પરિમાણ ને જાણવા માટે આ બાયનરી ડીજીટનો ઉપયોગ થાય છે. તેનું મૂલ્ય હંમેશા એક અથવા ઝીરો હોય છે.

**બાઈટ :** આઠ બીટ એટલે એક બાઈટ કહેવાય છે. જેને આપણે સાદી ભાષામાં આઠ અક્ષર ધરાવતો શબ્દ કહી શકીએ અથવા આઠ બાયનરી ડીઝીટ દ્વારા રચાતો સમુહ કહીએ. દા.ત. ૦૧૦૧૦૧૦૧ કે ૦૦૧૧૦૧૧૦ કે આવું કોઈપણ આઠ બીટ શું કોમ્બીનેશન જેને કમ્પ્યુટરની ભાષામાં બાયનરી વર્ક કહેવામાં આવે છે. જો સોળ બીટનો સમૂહ હોય તો તેને બે બાઈટનો શબ્દ કહેવાય.

**ઈન્ટરનેટ :** ઈન્ટર-નેશનલ એટલે આંતર-રાષ્ટ્રીય તેવી જ રીતે ઈન્ટર-નેટમાં નેટ એટલે જાળું. જેમાં દોરીઓ કે




વાયરો એકબીજા સાથે જોડાયેલ હોય છે. અને ઈન્ટરનેટ એટલે આંતરરાષ્ટ્રીય સ્તરે. વૈશ્વિક રીતે જોડાયેલ એક માળખું કે નેટવર્કીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર જે કરોડો કમ્પ્યુટરોને એક સાથે સાંકળે છે અને એક એવું નેટ-વર્ક ઊભું કરે છે કે જેમાં જ્યાં સુધી બંને કમ્પ્યૂટરો ઈન્ટરનેટ થકી જોડાયેલ હોય ત્યાં સુધી કોઈપણ કમ્પ્યૂટર અન્ય કોઈ પણ કમ્પ્યૂટર સાથે સંદેશાવ્યવહાર કરે છે.

**હેલ્થ ફસ્ટ : વિકીપીડીયા** - મારી પાસે બધું જ જ્ઞાન છે.

**ગુગલ** - મારી પાસે બધી માહિતી છે.

**ફેસબુક** - હું બધાને ઓળખું છું.

**ઈન્ટરનેટ** - એક મિનિટ, મારા વિના તમે બધા નકામા છો.

ત્યાં તો દૂરથી **ઈલેક્ટ્રીકસીટી કંપની બોલી :** આવાઝ નીચે !!!!

# એવમ્ અમદાવાદ

## શ્રી કચ્છી સમાજ-અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છી સમાજ-અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૨-૪-૨૦૧૪ના સાંજના ૪-૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬ ખાતે નીચેના એજન્ડા અનુસાર મળવાની છે. આ સભામાં શ્રી કચ્છી સમાજ-અમદાવાદના સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા આગ્રહ ભરી વિનંતી છે.

**: એજન્ડા :**

૧. ગત સામાન્ય સભાની મિટીંગની મિનીટ્સનું વાંચન અને તેની બહાલી.

૨. વર્ષ ૨૦૧૨-૧૩ના ઓડિટેડ હિસાબોની રજુઆત અને તેની મંજુરી

૩. વર્ષ ૨૦૧૩-૧૪ના ઓડિટેડ હિસાબોની રજુઆત અને તેની મંજુરી

૪. વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડિટેડશ્રીની નિમણુંક કરવા બાબત.

૫. સમાજના સરળ સંચાલન અને વહીવટ માટે નીચે મુજબ ૧૮ ટ્રસ્ટીઓની ચૂંટણી અથવા વરણી કરવા બાબત.

| | |
|---|---|
| આજીવન સભ્યમાંથી | ૬ ટ્રસ્ટી |
| માનદ્ સભ્યમાંથી | ૬ ટ્રસ્ટી |
| દાતા સભ્યમાંથી | ૩ ટ્રસ્ટી |
| પેટ્રન સભ્યમાંથી | ૩ ટ્રસ્ટી |

૬. ચૂંટાયેલા અથવા વરણી પામેલ ટ્રસ્ટીઓમાંથી આજીવન તથા માનદ્ સભ્ય ગ્રુપના ૨-૨ ટ્રસ્ટી તથા દાતા અને પેટ્રન ગ્રુપમાંથી ૧-૧ ટ્રસ્ટીની (આ પ્રકારની પ્રથમ સભા હોવાથી) ડ્રો પદ્ધતિ દ્વારા ૧,૨ કે ૩ વર્ષની મુદત નક્કી કરવા બાબત.

૭. સમાજની પ્રવૃત્તિઓના સંચાલન માટે પોતાના સભ્યોમાંથી ૧૫ સભ્યોની કાર્યવાહક સમિતિ માટે ચૂંટણી અથવા તો વરણી કરવા બાબત.

૮. ચૂંટાયેલા અથવા વરણી પામેલ ૧૫ કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી દરેક પાંચ સભ્યની (આ પ્રકારની પ્રથમ સભા હોવાથી) ડ્રો પદ્ધતિ દ્વારા ૧, ૨ કે ૩ વર્ષની મુદત નક્કી કરવા બાબત.

૯. પ્રમુખશ્રીની સહમતીથી રજૂ થતી બાબતો પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

**અતુલ સોની**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ-અમદાવાદ.**

**નોંધ :** (૧) કાર્યવાહક સંખ્યાના અભાવે મુલત્વી રહેલ સભા, એજ સ્થળે ફરી કલાક બાદ મળી શકશે અને તે સમયે તેને કોરમનો બાધ રહેશે નહીં.

(૨) માનદ્, દાતા કે પેટ્રન ગ્રુપના સભ્યોના અભાવે તે ગ્રુપના ટ્રસ્ટીઓની જગ્યા ખાલી રહેશે.

(૩) ઉપરોક્ત હોદ્દા (ટ્રસ્ટી કે કારોબારી સભ્ય) માટે જેઓએ પોતાની ઉમેદવારી નોંધાવવાની હોય તેઓએ પત્ર દ્વારા તેની લેખિત જાણ કાર્યાલય પર તા. ૩૧-૩-૨૦૧૪ સુધી મોકલી આપવાની રહેશે.

## એક અભૂતપૂર્વ સત્ય ઘટના

### ધન્ય ધરા ભુજપુરની - ધન્ય દીકરી ભુજપરની
### ધન્ય સેવાને ત્યાગ ભાવના ભુજપરની વીરાંગનાની

ત્રણેક મહિના પહેલા અચાનક મારી તબિયત ઘણી જ બગડી ગઈ હતી. મારે અનેક નિદાન-ચિકિત્સાઓ તથા પીડાઓમાંથી પસાર થવું પડ્યું હતું. શારીરિક માનસિક કષ્ટો અને વ્યથાઓ પણ ઘણી સહન કરવી પડી હતી.

આવી યાતનામય સ્થિતિમાં એક અવસ્થા અતિ કઠિન-મરણતોલ કહી શકાય તેવી પણ આવી ગઈ, જ્યારે મારા પરિવારનાં બધાં જ સ્વજનોના જીવ અદ્ધર થઈ ગયા હતા.

મારા વાઈફ મધુરીબેન, અમારા બંને પુત્રો- રાજુ, કલ્પેશ; એમની વહુઓ - સંગીતા, સ્તુતિ; બંને દિકરીઓ - રેખા, મીતા તેમજ બંને જમાઈઓ - કિરીટકુમાર, મનોજકુમાર તમામ ખડે પગે સતત મારી સુશ્રુષામાં હાજર રહ્યા હતા. અમદાવાદ તથા મુંબઈમાં રહેતા મારા કુટુંબીજનોની સતત અવર-જવર રહી હતી. મારી સાસરી-પ્રિન્સ પરિવાર તરફથી પણ ફોન ઉપર મારી તબિયતના સમાચાર સતત પુછાતા રહ્યા હતા. મારી તબિયતના સમાચાર માટે બીજા પણ અમારાં મુંબઈ નિવાસી તમામ સ્વજનોના ફોન સતત આવતા રહ્યા હતા.

આવા નાજુક સમયે અમારી મોટી વહુ સંગીતાએ સંકલ્પપૂર્વક - હૃદયપૂર્વક માનતા લઈ લીધી કે મારા સસરાજી ઝડપથી સાજા થઈ જાય ને આ પરિસ્થિતિમાંથી બહાર આવી જાય, તેના માટે હું મારા માથાના બધા વાળ ઉતરાવી નાંખું છું. ને એ સુંદર વહુએ ખરેખર પોતાના સોહાગણનું આભૂષણ તથા સૌંદર્યની નિશાનીસમા માથાના વાળ કઢાવી નાખ્યા.

સંયોગ કહો કે સંગીતાનો પ્રબળ સંકલ્પપૂર્વકનો ત્યાગ-પણ તે જ દિવસથી હું બિમારીમાંથી બહાર આવતો ગયો. મારી તબિયત સુધરતી ગઈ ને હવે હું ઘણો જ સ્વસ્થ - તંદુરસ્ત થઈ ગયો છું. અમારી આ વહુ - **અ.સૌ. સંગીતા રાજુ હરખચંદ રામજી તેજશી ગાલા (રાયણ) (સુપુત્રી - નાગજી હરશી વેરશી ગોગરી - ભાટિયા ફળિયો ગામ-ભુજપુર)** મારી માંદગી વખતે પોતાના સુંદર વાળનો ભોગ આપીને મને જાણે નવજીવન મળવામાં સહાયભૂત બની હોય એવો મને આજે અનુભવ થઈ રહ્યો છે.

ખરેખર, પોતાના સસરા માટે આવી સમર્પિત વહુને કોટિ - કોટિ ધન્યવાદ પણ ઓછા કહેવાય ! મારું હૈયું એના પ્રત્યે હંમેશના માટે આશીર્વાદમય બની ગયું છે.

અ.સૌ. સંગીતાની આ અભૂતપૂર્વ માનતા અને ત્યાગ ભાવનાને અનુલક્ષીને મને મળેલા નવજીવનની યાદગીરીરૂપે મેં ભુજપુર પાંજરાપોળની ગૌમાતાઓના ઘાસચારા માટે **રૂ. એક લાખ**નો ચેક મોકલ્યો છે. ધન્યવાદ !

### હૃદયપૂર્વક સામુહિક આભાર - પ્રગટીકરણ

ત્રણેક મહિના અગાઉ મારા ઘુંટણના ઓપરેશન બાદ, અચાનક મારી તબિયત ઘણી બગડી ગઈ હતી. શરીરમાં અતિશય નબળાઈ આવી જતાં તે સમયે મારું સ્વાસ્થ્ય ઘણું લથડી ગયું, ને બાબત ચિંતાનજક બની ગઈ હતી.

અમારો આખો પરિવાર, અમદાવાદમાં રહેતા સગાં-સંબંધીઓ-વેવાઈપક્ષના સ્વજનો-મિત્રો ઉપરાંત નવનીત સંસ્થા (અમદાવાદ-મુંબઈ) નો ટોટલ સ્ટાફ, તમામ મુંબઈવાસી - કચ્છવાસી અમારા પરિવારજનો, સગાં-સંબંધીઓ-પરિચિતો ઉપરાંત સર્વે વેપારીબંધુઓ-તમામે તમામ મારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાશીલ બની ગયા હતા. અનેક લોકોએ મારા સાજાપણા માટે શુભેચ્છાઓ પાઠવીને, પ્રાર્થનાઓ કરીને તથા માનતાઓ માનીને મારા પ્રત્યે જ સદ્‌ભાવ દાખવ્યો છે, તે અનન્ય છે.

આપ સર્વેનો પ્રાર્થનાઓ-શુભેચ્છાઓ-માનતાઓથી જ હું ઝડપથી માંદગીમાંથી બહાર આવી ગયો ને હવે હું ઘણો જ તંદુરસ્ત થઈ ગયો છું. હું આપ તમામ મારા હિતચિંતકોને શુભેચ્છકો પ્રત્યે આભારવશતા પ્રગટ કરું છું. આપ સર્વેનો હું સામુહિક આભાર માનું છું.

ઉપરાંત, વિશ્વસમસ્તની માતા 'ગૌમાતા' ઓના પણ મને પુષ્કળ આશીર્વાદ મળ્યા છે, ને હું ધન્ય બન્યો છું, એ તમામ ગાયમાતાઓના પ્રત્યે અંતઃકરણપૂર્વક આભારવશતા પ્રગટ કરું છું.

**આપ સર્વેનો : છોટુભાઈ (હરખચંદ રામજી તેજશી ગાલા-ગામ રાયણ)**

**નવનીત એજ્યુકેશન લિમીટેડ : અમદાવાદ-મુંબઈ**

**છોટુભાઈ ગાલા - ૦૯૮૭૯૮ ૫૦૦૦૦ ● મધુબેન ગાલા - ૦૯૮૭૯૨ ૫૦૦૦૦**
**રાજુભાઈ ગાલા - ૦૯૮૭૯૧ ૫૦૦૦૦ ● સંગીતા ગાલા - ૦૯૮૭૯૪ ૮૦૦૦૦**

## શ્રદ્ધાંજલી

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના અગ્રણી શ્રી લક્ષ્મીદાસ મેઘજી ઠક્કર (લખુબાપા)ના પુત્ર તેમજ સંસ્થાના અગ્રણી મહિલા કાર્યકર શ્રીમતી રીનાબેન ઠક્કરના પતિ શ્રી જગદીશભાઈનું માત્ર ૪૯ વર્ષની વયે તા. ૧૯-૨-૨૦૧૪ના રોજ હૃદયરોગના હુમલામાં દુઃખદ નિધન થયું છે. આ દુઃખદ સમાચારથી સમગ્ર કચ્છી સમાજમાં ઊંડા શોક અને ગ્લાની નિપજ્યા છે.

શ્રી જગદીશભાઈ કચ્છી સમાજ ઉપરાંત શ્રી કચ્છી લોહાણા સમાજમાં ખૂબ સક્રિય હતા. ખાસ કરીને લોહાણા સમાજની યુવા પાંખ 'સેતુ'ના કાર્યક્રમોમાં તન-મન અને ધનથી સહકાર આપતા હતા. શ્રી કચ્છી સમાજ આયોજીત પ્રથમ કચ્છી મેળાના આયોજનમાં શ્રીમતી રીનાબેનનો ખૂબ મોટો ફાળો હતો અને તે સમયે સ્વ. જગદીશભાઈ પણ રીનાબેનની પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સાથ સહકાર આપતા રહેતા હતા. સ્વભાવે હસમુખ તેમજ જીંદાદીલ એવા જગદીશભાઈના અકાળે નિધન થવાથી શ્રી લખુબાપાના પરિવાર પર અણધારી આફત આવી પડી છે.

જગદીશભાઈની અંતિમયાત્રામાં અમદાવાદ સ્થિત કચ્છીઓ ખૂબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. તેમજ બીજા દિવસે કચ્છી જૈન ભવન પર યોજાયેલ પ્રાર્થના સભામાં પણ સૌ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી લખુબાપાના પરિવાર પ્રતિ સંવેદના તેમજ દિલસોજી પાઠવેલ હતા. શ્રી કચ્છી સમાજ અને કચ્છશ્રુતિ પરિવાર સ્વ. જગદીશભાઈના પરિવાર પ્રતિ સંવેદના તેમજ ઊંડા દુઃખની લાગણી સાથે પરમકૃપાળુ પરમાત્માને દિવંગત આત્માને શાંતિ અર્થે પ્રાર્થના કરે છે.

ઓમ શાંતિ... ઓમ શાંતિ...

---

**અનુસંધાન પાના નં. ૨૭ ચાલુ**

### ડંખ

★ મચ્છરના ડંખથી બચવા માટે અડધી ચમચી લીમડાનું તેલ ૨૦૦ મિલિ મોઈશ્ચરાઈઝર સાથે ભેળવી દઈ, ત્વચા પર લગાડો, ડંખના રક્ષણ સાથે ત્વચાની તંદુરસ્તીને પણ લાભદાયી નીવડશે.

★ કોઈ ઝેરી જંતુ ડંખ મારી જાય ત્યારે જંતુના ડંખ પર મીઠા લીમડાના પાન વાટી ચોપડી દો, ડંખની પીડા મટી જશે, સોજો ઉતરી જઈને ઝેરની અસર પણ નહીંવત્ થશે.

★ મચ્છરના ડંખ પર લીંબુનો રસ લગાડવાથી ડંખની બળતરા ઓછી થશે.

★ મધમાખીના ડંખ પર કાંદા-ડુંગળીનો રસ લગાડવાથી રાહત મળશે.

★ મચ્છરના ડંખ પર ચૂનો લગાડવાથી પીડા મટશે.

★ મચ્છર કરડી જવાથી ખંજવાળ આવવા લાગે તો મચ્છર કરડ્યા હોય ત્યાં લોખંડની ચીજ ઘસો, ખંજવાળથી રાહત મળી જશે.

★ માખી-મચ્છર-કીડીના ડંખ પર ટૂથપેસ્ટ લગાડી દો.

★ કોઈ ઝેરી જીવાત કરડી જાય અને ડોક્ટર પાસે જવું પડે ત્યારે ડોક્ટર પાસે જતા પહેલા ૧૦-૧૨ દાણા મરી ચાવી જાઓ, શરીરમાંથી વિષ શોષાઈ જવાથી રાહત લાગશે.

### પગરખાના ડંખ

★ નવા બૂટ-ચંપલ પહેરતાં પહેલાં તેની અંદરના ભાગે પેટ્રોલિયમ જેલી લગાડો.

★ સતત ત્રણ દિવસ સુધી નવા બુટ-ચંપલ પહેરતાં પહેલા તેમાં કોપરેલ લગાડો.

★ નવા જોડા ડંખતા હોય તો પગ ભીના કરી જોડા ત્રણ-ચાર કલાક પહેરી રાખો જૂતા ડંખતા બંધ થઈ જશે.

★ જૂતા ડંખતા હોય ત્યાં બે ચમચી દિવેલ તથા બે ચમચી દહીંનું મિશ્રણ લગાડો.

★ બૂટમાંથી ચર-ચર અવાજ આવતો હોય તો તેમાં થોડું ટર્પેન્ટાઈન લગાડો.

★ જોડાના અંદરના ભાગે પારદર્શક નેઈલપોલીસ લગાડવાથી પગ સુરક્ષીત રહેશે.

★ જોડાની અંદરના ભાગમાં સાબુનું ફીણ લગાડી, ફીણ સુકાઈ ગયા પછી જૂતા પહેરવાથી અંદરનું ચામડું મુલાયમ રહેશે.

★ બૂટ પર ફુગ લાગી જતી હોય તો બુટની અંદર બહાર ટેલ્કમ પાવડર છાંટો અથવા તેના પર મીણ ઘસો. ફુગ નહીં લાગે.

★ ચોમાસામાં પલળી ગયેલા બુટ-ચંપલ પર વેસેલીન લગાડશો તો તે કૂણા પડશે તેમજ પલળેલા બુટ-ચંપલ કાગળમાં લપેટીને હવાવાળી જગ્યાએ મૂકવાથી તે જલ્દીથી સૂકાઈ જશે.

# ગાંધીનગર ગાથા

● વર્ષાબેન જે. મહેતા ●

## અભિનંદન

શ્રીમતી વીણાબેન વોરાને શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ, માટુંગા (પાખાડી) દ્વારા તેમની વિવિધ સેવાઓ અને અધ્યાપન ક્ષેત્રે સેન્ટ ઝેવીયર્સ સ્કુલમાં ૩૨ વર્ષ સુધી અધ્યાપિકા તરીકે તેમણે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને સામાજિક ક્ષેત્રે નામના પ્રાપ્ત કરી છે. તે બદલ 'સમાજ રત્ન' એવોર્ડ આપવામાં આવ્યો હતો. વીણાબેને તેમના ક્ષેત્રમાં અનેક સમાજોપયોગી કાર્યો કર્યા છે. કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર સાથે પણ તેઓ જોડાયેલા છે. આ અગાઉ ઉદ્‌ગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'બેસ્ટ ટીચર' નો એવોર્ડ પણ તેમણે પ્રાપ્ત કરેલ છે. શ્રી કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

## અભિનંદન

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખપદે કાર્યરત અને વિવિધ સામાજીક સેવાકીય પ્રવૃત્તિમાં આગળ પડતું સ્થાન ધરાવનાર શ્રી અરૂણભાઈ બુચે 'ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડસ' માં સ્થાન મેળવ્યું છે. ગુજરાત રાજ્યની સ્થાપનાથી સતત ૩૫ વર્ષ સુધી રાજ્ય સરકારના છ જેટલા મંત્રીઓના અંગત મદદનીશ તરીકે લાંબા સમય સુધી સેવા આપવા બદલ તેમનું નામ ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડસમાં મૂકવામાં આવ્યું છે. શ્રી અરૂણભાઈ બુચે આ અગાઉ વર્ષ ૨૦૧૧માં લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શ્રી કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગર તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સંતવાણી કાર્યક્રમ

શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ અને કલાગુર્જર સંસ્થાના ઉપક્રમે તા. ૧ માર્ચ શનિવારના રોજ 'હાલો મારા હરિજનની હાટડીયે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ટાઉન હોલ ખાતે યોજાનાર આ કાર્યક્રમ મુંબઈ અને ભાવનગરના જાણીતા ભજનીકો અયોધ્યાદાસ, ડૉ. ભાવના મહેતા, ઉન્નતિ સિચડીયા અને કમીજણા ભાણ સાહેબની ભજન મંડળી દ્વારા રજૂ થયો.

## પ્રવાસ ધામ

કંથારપુર ગામમાં (તા. દહેગામ, જિ. ગાંધીનગર) વર્ષો પુરાણો વડ આવેલ છે. આ વડનો ઘેરાવો લગભગ ૧૦૦ મીટર છે અને તેની વડવાઈઓ ૧૦,૧૦૧ વર્ષ પુરાણથી પણ વધારે વડનો ઘેરાવો બની ચૂકેલ છે. આ વડની વચ્ચે ગુફામાં શ્રી મહાકાલી માતાનું મંદિર છે. આ વડને સૌંદર્ય પ્રવાસધામ તરીકે પ્રસિદ્ધ કરાયેલ છે. અહીં પ્રવાસીઓ માટે રાત્રી રોકાણની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ વડ જોતા કબીરવડની યાદ અચૂક આવે છે. રાજ્ય સરકારે પણ આ સ્થળને પવિત્ર પ્રવાસધામ જાહેર કરેલ છે. અને વિવિધ સગવડો કરાઈ રહી છે.

## શ્રદ્ધાંજલિ

કચ્છી સમાજ-અમદાવાદના શ્રી જગદીશભાઈ લક્ષ્મીદાસ ઠક્કરના અવસાનના આઘાતજનક સમાચારથી ગાંધીનગર કચ્છ મિત્ર મંડળમાં શોકની લાગણી વ્યાપેલ છે. શ્રી જગદીશભાઈ તેમના મિલનસાર સ્વભાવ અને નિઃસ્વાર્થ સેવા માટે જાણીતા હતા. ગાંધીનગર કચ્છમિત્ર મંડળને પણ તેઓ સારો એવો સપોર્ટ દરેક કાર્યક્રમમાં આપતા હતા. રીનાબેન તેમજ તેમના પરિવારને કદી ન પુરાય તેવી ખોટ પડી છે. કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરના તમામ હોદ્દેદારો તેમજ સભ્યો વતી સ્વ. જગદીશભાઈના આત્માને પરમસુખ અને ચિરશાંતિ બક્ષે એવી પ્રભુ પ્રાર્થના તેમજ તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ અર્પે તેવી અભ્યર્થના.

# મહિલા વિશ્વ

● રેખાબેન શુક્લ-અમદાવાદ ●

## ગૃહિણીઓની રોજીંદી ઘરગથ્થુ સમસ્યાઓનું સમાધાન : જંતુ-જીવાતોનો ઉપદ્રવ

### માખી

★ વરસાદની ઋતુમાં ફલોરિંગ ટાઈલ્સ-લાદી પર પોતું કરતી વખતે એ પાણીમાં ફિનાઈલ સાથે થોડી હળદર નાખી પોતુ કરવાથી માખીનો ઉપદ્રવ નહી થાય.

★ નારંગીની છાલ-છોતરાનો બળતા અંગારા પર નાખી કે ઈલેક્ટ્રીક ધુપિયા પર નાખી ધુમાડો કરવાથી માખી-મચ્છરનો ઉપદ્રવ નહીં સતાવે.

★ સૌ પહેલા ચાની ભીની ભૂકીથી પોતું કર્યા પછી સ્વચ્છ પાણી વડે પોતું કરવાથી માખીનો ઉપદ્રવ દૂર થશે.

★ એક શીશીમાં ફૂદીનાના પાન મૂકી તે બોટલ કીચનમાં મૂકશો તો રસોડામાં માખીનો ઉપદ્રવ નહી થાય.

★ માખીના ઉપદ્રવથી બચવા, તવાને બરાબર ખૂબ જ ગરમ કર્યા પછી તેના પર તરત જ એક ચમચી કોફી પાવડર નાખો તેનાથી થતો ધુમાડો માખીનો ઉપદ્રવ નહી થવા દે.

★ તવા પર બે-ત્રણ લવિંગ મૂકી રાખવાથી માખી ભાગી જશે.

★ રસોઈ ઘરમાં કપૂરની ટીકડીઓ રાખી મૂકવાથી માખીઓનો ઉપદ્રવ પરેશાન નહીં કરે

★ ફુદાનાની ભૂકી કરો તેને બારણા પર કે બારી પાસે બારીક વસ્ત્રમાં ભરી કે ખુલ્લા વાસણમાં ભરી તેને લટકાવી દો માખીનો ઉપદ્રવ થશે નહિ.

★ મધમાખીના ઉપદ્રવથી બચવા હેરસ્પ્રેનો છંટકાવ કરો.

### મચ્છર

★ થોડુ કપૂર સાગમાં કે ઈલેક્ટ્રીક ધુપિયામાં નાખી તેનો ધુમાડો કરશો તો મચ્છરો જતા રહેશે.

★ ઘરમાં બ્લ્યુ રંગનો નાઈટ લેમ્પ પ્રગટાવવાથી મચ્છરો નાસી જશે.

★ મચ્છરનો ત્રાસ ઘણો વધી ગયો હોય તો ગરમ પાણીમાં થોડો સાબુનો પાવડર નાખી, બરાબર હલાવી નાખી તેમાં થોડું કેરોસીન ઉમેરો અને આ મિશ્રણ સ્પ્રે બોટલમાં ભરી તેનો રૂમમાં છંટકાવ કરો મચ્છરનો ત્રાસ મટી જશે.

★ ઘરમાં ગુગળ તથા લીમડાનો ધુમાડો કરવાથી પણ મચ્છરની હેરાનગતિથી બચી જશો.

★ મોટેરા તથા નાના બાળકોના શરીર પર સિટ્રોનીલા ઓઈલનું આછું પોતું ફેરવી દો મચ્છર દૂર રહેશે.

★ કાચી અગરબત્તીને (સુગંધ વગરની કોરી અગરબત્તી) સિટ્રોનીલા ઓઈલમાં બોળી રાખો અને દરરોજ સંધ્યા સમયે રૂમ બંધ કરી અગરબત્તી પ્રગટાવી રાખો અને રૂમમાં બરાબર ધુમાડો થયા પછી ધીમો પંખો થોડીવાર ચલાવો. પંખો બંધ કર્યા પછી બારણા ખોલી દઈ થોડીવારે બારણાં બંધ કરી દો.

★ રાત્રે સૂતી વખતે કાન પર કપડું - રૂમાલ કે પટ્ટી બાંધી રાખો ઉંઘ દરમ્યામન કાનમાં નહીં જાય.

★ ઓડોમોસ ક્રીમ ત્વચા પર લગાવવાથી પણ મચ્છરનાં ત્રાસથી મુક્ત બનશો.

### જીવાત

★ ખાદ્યસામગ્રીમાં જીવાત ન પડે તે માટે કારેલાની સૂકી છાલનો ભૂકો તથા ચણાનો લોટ અને દાળ ડબ્બામાં મૂકી દો. જીવાત નહીં પડે.

★ રાત્રે એક લિટર પાણીમાં બે ચમચી તમાકુના પાન પલાળી ભીંજાવી રાખી. આ પાણી સવારે ગાળી લઈ તેમાં એક ચમચી ડિટરજન્ટ પાવડર નાખી આ પાણી છોડમાં મહિનામાં એક વખત રેડો અને તેની જંતુનાશક અસર માણો.

★ ચણાના લોટમાં લાલ સૂકા મરચા રાખવાથી લોટમાં જીવાત નહીં પડે અને સાથે સાથે લોટ પણ લાંબા સમય સુધી તાજો રહેશે.

★ બોરિક પાવડર તથા મેંદો બંને સરખા પ્રમાણમાં મિક્સ કરી તેનો લોટ બાંધી તેની નાની નાની ગોળીઓ કરી તેને અનાજ-કઠોળમાં મૂકી દો. અનાજ કથોળમાં જીવાત નહીં પડે.

### વંદા

★ લોટમાં બોરિક પાવડર મિક્સ કરી તેની ગોળીઓ

બનાવી આ ગોળી વંદાઓનો ઉપદ્રવ થતો હોય ત્યાં મૂકી દો વંદાનો ત્રાસ નહી સતાવે.

- ★ ઓવનમાં વંદાનો ત્રાસ હોય તો ઓવનમાં એસ્પિરિનની ચાર ગોળીઓ મૂકી દો. આ ગોળીઓ અઠવાડિયે-પંદર દિવસે બદલતા રહો. વંદાઓના ત્રાસથી મુક્તિ મળશે.
- ★ કાચુ દૂધ, બોરિક પાવડર તથા સાકર સરખા પ્રમાણમાં મેળવી તેની ગોળીઓ બનાવી આ ગોળીઓ ઓવનના દરવાજાના સાંધામાં મૂકવાથી વંદાઓના ઉપદ્રવથી બચી શકશો.
- ★ અડધો કપ કેરોસીન અથવા કપૂરની ૩-૪ ટીકડી અડધી બાલદી પાણીમાં નાંખી તેના વડે લાદી પર પોતું કરવાથી વંદાઓનો ત્રાસ નહીં થાય.
- ★ રસોડાની કેબીનેટમાં કાચી સોપારી મૂકી રાખવાથી વંદાનો ઉપદ્રવ નહીં થાય.
- ★ ઘરમાં જ્યાં પણ વંદાઓનો ઉપદ્રવ હોય ત્યાં લીલી કાકડીની છાલ મૂકી દો અને વંદાઓનો ઉપદ્રવથી છૂટકારો મેળવો.
- ★ વંદાઓનો વિશેષ ઉપદ્રવ હોય તે રૂમમાં લાલ બલ્બ સળગાવી રાખો વંદા દૂર રહેશે.
- ★ માઈક્રોવેવ ઓવનમાં નાના નાના વંદાઓ ન થઈ જાય તે માટે ઓવનના ગ્લાસ પર કાચ સાફ કરવાના લિકવીડથી સ્પ્રે કરી કાચને સ્પંજથી લૂંછી નાખો.
- ★ વંદાઓનો ઉપદ્રવ હોય ત્યાં કળી ચૂનાના ટુકડા મૂકી દો.
- ★ એક કપ ચણાના લોટમાં એક એક ચમચી બોરીક પાવડર તથા દળેલી સાકર મીક્ષ કરી, તેની ગોળીઓ વાળી આ ગોળીઓ વંદાઓના ઉપદ્રવની જગ્યાએ મૂકવાથી, વંદાઓનો ઉપદ્રવ નહીં થાય.

## કીડી

- ★ લોટ તથા સાકરમાં ઘડી ઘડી - વારંવાર કીડીઓ ચડી જતી હોય તો તે ડબ્બા કે બરણીમાં બંધ ડબ્બીમાં કપૂર રાખો.
- ★ રસોઈઘરમાં કીડીઓ ઘણી બધી વધી જતી હોય તો રસોડામાં પોતું કરવાના પાણીમાં થોડું કેરોસીન મેળવી દો.
- ★ જે જગ્યા પર કીડીઓનો ઉપદ્રવ હોય ત્યાં સિગારેટની રાખ ભભરાવી દેશો તો કીડીઓ નાસી જશે.
- ★ રસોડાના પ્લેટફોર્મ પર કીડીઓના ઉપદ્રવથી બચવા, પાણીમાં એક ઢાંકણ વિનેગાર ભેળવી પ્લેટફોર્મ પર પોતું ફેરવી દો.
- ★ જામ બોટલને કીડીઓથી સુરક્ષિત રાખવા એરંડિયા તેલ (દિવેલમાં) દોરી બોળી તે દોરીથી બોટલ બાંધી દો.
- ★ રસોડાની દિવાલ નજીક કપૂરની ગોળીઓ મૂકવાથી કીડીઓનો ઉપદ્રવ નહીં થાય.
- ★ મધની બોટલમાં બે લવિંગ મૂકી દેવાથી મધ પર કીડી નહીં ચડે.
- ★ ખાદ્ય સામગ્રીને કીડીથી બચાવવા ડબ્બા પર તેલ ચોપડી દો.
- ★ જ્યાં પણ કીડીઓનો ઉપદ્રવ થતો હોય ત્યાં કાકડીની છાલ મૂકી દેશો તો કીડીઓ ત્યાં આવવાની હિંમત નહીં કરે.
- ★ સાકર પર કીડી ચડતી બચાવવા સાકરમાં બે ત્રણ લવિંગ મૂકી દેવા.
- ★ અનાજને તાપ-તડકામાં સૂકવ્યું હોય તેની ફરતે ચોકથી રેખા અંકિત કરી દો. અનાજ પર કીડીઓ નહીં ચડે.
- ★ કાળી કીડીઓના દર પર મીઠું ભભરાવી દો કીડીઓ દૂર થઈ જશે.
- ★ કીડીઓને બહાર કાઢી નાખવા માટે કીડીના દર પાસે છાપામાં કપૂર વીટી સાકરમાં મૂકી દો.
- ★ કીડીઓ થતી હોય ત્યાં હળદર નાખવાથી કીડીઓ ત્યાંથી ભાગી જશે.
- ★ કીડીના દર પાસે રાઈના તેલના થોડા ટીપા રેડી દો, કીડીનો ઉપદ્રવ નહીં થાય.
- ★ એક ગ્લાસ પાણીમાં મીઠું ભેળવી આ મીઠાવાળું પાણી કીડી-મકોડાના દર પાસે રેડી દેવાથી કીડી-મકોડા ભાગી જશે.
- ★ દરવાજાના ખૂણામાં થઈ જતી કીડીઓથી કંટાળી ગયા હોય તો દરવાજાના ખૂણા પાસે ઉપયોગમાં લેવાયેલી મચ્છરની મેટ્સ મૂકી દો.

## અન્ય

- ★ ઘરમાં કોઈ ઊડતું જંતુ કે ભમરો ઘુસી ગયો હોય ત્યારે તેના પર હેર સ્પ્રેથી છંટકાવ કરો. ઘરમાંથી બહાર નીકળી જશે.
- ★ અંધાંચીચી-ગરોળીના ઉપદ્રવથી છૂટવા માટે જ્યાં ગરોળીઓ દેખાતી હોય ત્યાં કપૂરની ગોળીઓ મૂકી દો, ગરોળીઓ ગાયબ થઈ જશે.
- ★ ગરમ પાણીમાં ફટકડી મેળવી એ પાણી ખાટલા-પલંગ કે ખાટ પર છાંટી દો માંકડ ભાગી જશે.

**અનુસંધાન પાના નં. ૨૪ ઉપર**

# વતનના વાવડ

• સંકલીત •

## રાજ્યના ૨૦૦ યુવક-યુવતીઓ કચ્છ સરહદે

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ-ગાંધીનગર આયોજીત જિલ્લા રમતગમત અધિકારી ભુજની કચેરી દ્વારા દર વર્ષે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના પ્રબળ બને. સૈન્યમાં જોડાવાની ઈચ્છા શક્તિ કેળવાય અને લોકસંસ્કૃતિ તેમજ વિચારોનું આદાનપ્રદાન થાય તેમજ સાહસિકતા કેળવાય તેવા હેતુથી રાજ્ય સરકાર દ્વારા 'આપણી સરહદ ઓળખો' શીર્ષક હેઠળ સરહદી કચ્છ જિલ્લાનો સાહસિક પ્રવાસ રાજ્યભરના પંદરથી પાંત્રીસ વર્ષના બસો જેટલા યુવક-યુવતીઓની પસંદગી કરીને આખાય કચ્છનો પ્રવાસ સરકારી ખર્ચે કરાવાય છે.

આ પ્રવાસ કાર્યક્રમનો પ્રારંભ થઈ રહ્યો હોઈ રાજ્યભરના યુવાનો વહેલી સવારથી જ ભુજ પહોંચી ગયા હતા. કચ્છની ભૂમિ અને દરિયાઈ સરહદોથી આ યુવાનો વાકેફ થાય તે માટે સરહદી વિસ્તારનો રૂટ નક્કી કરાયો છે. જેમાં નારાયણ સરોવર, કોટેશ્વર, મુંદરા, નલિયા, માંડવી, સુથરી, પિંગલેશ્વર સુધીનો દરિયાકાંઠો તેમજ વિધાકોટથી વાગડ ખડીરઅને બનાસકાંઠાના નરાબેટ સુધીનો સરહદી વિસ્તાર રાજ્યમાંથી પસંદ કરાયેલા શિબિરાર્થીઓ ખૂંદશે.

આ ઉપરાંત કચ્છના જોવાલાયક ધાર્મિક અને ઐતિહાસિક તેમજ સફેદ રણ અને કાળા ડુંગરનો સમાવેશ થાય છે. દસ દિવસ ચાલનારા આ પ્રવાસમાં રહેવા જમવાની અને સારી રીતે કચ્છ દર્શન થાય તે માટેની તમામ વ્યવસ્થા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગોઠવાઈ છે.

ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજ ખાતે જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી એમ.એન. પટેલે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. જિલ્લા રમતગમત અધિકારી રોહિત પરમારે આવકાર્યા હતા. એક્સિસ બેંકના મેનેજર શ્રી ખત્રીએ તમામ શિબિરાર્થીઓને કેપની ભેટ આપી હતી. અગ્રણીઓએ પ્રસંગોચિત વકતવ્યો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન વ્યવસ્થા રામજી મેરિયાએ કર્યા હતા.

## સવારે અલ્લા હુ અકબર અને સાંજ હરહર મહાદેવ



ભુજ તાલુકાના આ ગામની બાજુમાં આવેલા થરાવડા મોટા ગામે સો ટકા મુસ્લિમ સમુદાયની વસ્તી અત્યારે છે. ગામની વચ્ચે આવેલા હુસેની ચોકમાં પાંચ મકબરા છે, તો બાજુમાં જ સદીઓ પુરાણું શિવાલય બિલેશ્વર મંદિર આવેલું છે. જેની ઉપર સદીઓથી ભગવી ધજા લહેરાઈ રહી છે. નોંધપાત્ર બાબત એ બની રહી છે કે નાનકડા એવા આ ગામમાં એકબાજુ દરરોજ સવારે અલ્લા હુ અકબરનો નાદ સાંભળવા મળે છે, તો આ જ જગ્યાએથી સાંજ પડેને હરહર મહાદેવનો નાદ પુરી શ્રદ્ધા અને ભક્તિથી ગુંજતો સંભળાય છે.

જ્યારે ગોધરાના બનાવને લઈને સમગ્ર રાજ્યમાં સ્થિતિ નાજુક બની હતી તેવા સમયમાં જ્યાં એક પણ હિન્દુનો વસવાટ નથી તેવા થરાવડા મોટા ગામે ગામની વચ્ચે આવેલા આ શિવાલયની ચોકી ગામના મુસ્લિમ યુવાનો દ્વારા કરાઈ હતી. મંદિરને કોઈ આંચ ન આવે તે માટે તેમણે વારાફરતી કરેલા ઉજાગરા આજેય લોકોને યાદ છે. ગામની આવી બેજોડ અને અખંડ એકતા આજે પણ કાયમ છે. જે એક બાજુ લીલી ધજા અને બીજી બાજુ ભગવી ધજાના રૂપમાં ફરકી રહી છે. જે કચ્છમાં કોમી એકતા અને ભાઈચારો કેટલો મજબૂત છે તેનો સંદેશો અવિરત આપી રહી છે.

મિયાણા ગરાસિયાઓની વસ્તીવાળા મોટા થરાવડા ગામ વચ્ચે આવેલા હુશેની ચોકની ફરતે સૈયદ દાદામિયા પીર, ગેબનશા વલી અને ભીભીમા સહિત પાંચ મકબરા છે. જેના દર વર્ષે મેળા ભરાય છે. ઈમામ હુસેની ચોકમાં મોહરમ નિમિત્તે મજલિસો, ઓસાણીઓ અને તાજિયા થાય છે. અહીં બાજુમાં જ મુસ્લિમ સમાજ વાડી આવેલી છે. જ્યાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની ઉજવણી કરાય છે. જ્યારે આ જ સ્થળે સદીઓ પુરાણું શિવમંદિર બિલેશ્વર આવેલું છે. જેના શિખર ઉપર સદીઓથી ભગવો ધ્વજ લહેરાઈ રહ્યો છે. આ ધજા એ વાતની સાક્ષી પુરી રહી છે કે અત્યારે જ્યાં સંપૂર્ણ મુસ્લિમોની વસ્તી છે તેવા

આ ગામે એક સમયે સનાતન ધર્મની વસ્તી હતી. બિલેશ્વર મંદિર ઉપરાંત હનુમાનજીની દેરી, શુરાપુરાની દેરીઓ, જોગમાયા આશાપુરા માતાનું મંદિર અને પાળિયાઓ સદીઓથી સલામત અને સુરક્ષિત જોઈને ગામમાં આવનારા દરેકના દિલને ટાઢક મળી રહી છે.

મોટા થરાવડા વરલી થરાવડા જૂથ પંચાયતનું ગામ છે. જૂથ પંચાયતના સરપંચ બાબુભાઈ કે. છાભૈયા અને ઉપસરપંચ સિધિક શકુરમામદ કકલ કહે છે કે ગામનો ઈતિહાસ સદીઓનો છે. ચારથી પાંચ દાયકા પહેલા ગામના મુસ્લિમ ખેડૂતોએ ગામની વચ્ચે આવેલા બિલેશ્વર મંદિરના પુજારી વેલગર રેવાગર ગુંસાઈને પોતાની ખેતપેદાશમાંથી અનાજનો ભાગ આપીને મદદ શરૂ કરી હતી, પણ અત્યારે ગામના મોટા ભાગના ખેડૂતોએ તેમની જમીન વેચી નાખી છે અથવા તો ભાગમાં વાવવા માટે આપી દીધી છે. જેના લીધે સદીઓ જૂની પ્રથા ભુલાઈ ગઈ છે પણ બિલેશ્વર મંદિર પ્રત્યે ગામના સૌને આજે પણ એ જ આદર અને સન્માન છે. નોંધપાત્ર એ છે કે દરરોજ પૂજા બાદ શિવમંદિરની ચાવી મુસ્લિમ દુકાનદાર પાસે રહે છે. આ મંદિરે શ્રાવણમાં અને શિવરાત્રીના આજે પણ વિશેષ પૂજા થતી હોવાનું પૂજારી વેલગર ગુંસાઈએ અને થરાવડા નાના ગૌશાળા સમિતિના પ્રમુખ ચંદુલાલભાઈ ભગતે જણાવ્યું હતું.

બિલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં બિલીપત્ર, પારસ પીપળો અને અન્ય વૃક્ષોને પાણી દરરોજ ગામના મુસ્લિમ યુવાન આમદ નૂરમામદ કેવર આપે છે. ગામના અગ્રણીઓ અનવર બાબુભાઈ કેવર અને પ્રદિપ શાંતિલાલ છાભૈયા કહે છે કે વર્ષો પુરાણા આ ધાર્મિક સ્થાનોનું બાંધકામ અનેક કુદરતી આપત્તિઓના કારણે હલબલી ગયું છે. જેના કારણે હાલે કોઈ આવક વગરના આ શિવમંદિરને શિવભક્તોના સાથની જરૂરત ઊભી થઈ છે. શિવરાત્રી પર્વની ધામધૂમ અને શ્રદ્ધાભેર ઉજવણી કરાય ત્યારે ભાવિકો આ બાજુ પણ નજર દોડાવે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

ગામની વચ્ચે આવેલા આ શિવાલયની ગામના રહેવાસીઓ કેટલી ચિંતા રાખે છે તેનો દાખલો ગોધરાના બનાવ બાદના તોફાનો સમયે જોવા મળ્યો હતો. કોઈ આ મંદિરને નુકશાન ન કરી જાય તે માટે એ અશાંત દિવસોમાં ગામના મુસ્લિમ યુવાનોએ વારો ગોઠવીને રોજ સુરક્ષા માટે ચોકી પહેરો કર્યો હતો. તેવું ગામના અગ્રણી હાજી મીઠુભાઈ અયુબ કેવર ગાંધીધામવાળાએ જણાવ્યું હતું.

કોમી એકતા માટેની સલાહો અને સંમેલનો આ ગામને મળ્યા નથી અને ગામને તેની જરૂર પણ નથી, સદીઓથી ચાલી આવતી કોમી એકતાની આવી બેનમૂન ભાવના જોયા બાદ એટલું જ કહી શકાય કે સલામ અને પ્રમાણના હક્કદાર છે થરાવડા મોટાના રહેવાસીઓ.

## રણજી કક્ષાની ટુર્નામેન્ટમાં કચ્છના ક્રિકેટરના કમાલ થકી સૌરાષ્ટ્રની જીત



વડોદરા ખાતે રિલાયન્સ આયોજિત ઈન્ટર સ્ટેટ રણજી વનડે ટુર્નામેન્ટમાં ગુજરાત સામે સૌરાષ્ટ્રની ટીમના ૪૭ રને વિજયમાં કચ્છી ખેલાડી દિનેશ નાકરાણી (૨૮ દડામાં ધુંઆધાર ૫૧ અણનમ અને ૨૩ રનમાં બે વિકેટ) ઝળક્યો હતો અને સૌરાષ્ટ્રએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ સ્પર્ધાના દેખાવ થકી જ મુખ્ય રણજી ટીમો પસંદ થતી હોય છે. સૌરાષ્ટ્રે ૨૦ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધા બાદ પૃથ્વીરાજ (૫૫ રન) અને રાહુલ દવે (૫૩)ની જોડી વહારે આવી હતી પણ કમાલ કરી મૂળ મોટી વિરાણી (તા. નખત્રાણા)ના દિનેશે. તાજાવાલા ટ્રોફી સહિતના પ્રદર્શન થકી આ કક્ષાએ પહોંચેલા નાકરાણીએ ૨૮ દડામાં પાંચ સિક્સર સાથે ૫૧ રન ઝુડી કાઢ્યા હતા. અને સૌરાષ્ટ્રએ ૨૦૯ રન કર્યા હતા. ત્યારબાદ ગુજરાતની ટીમ ૪૪ ઓવરમાં ૧૬૨ રન જ કરી શકી હતી. જેમાં સૌરાષ્ટ્ર વતી જયેશ ઓડેદરા (૪૨ રનમાં ૪ વિકેટ) ઉપરાંત દિનેશે પણ બે વિકેટ ખેરવી ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી.

## સજીવ ખેતીનો મહિમા વર્ણવતા કચ્છી ગીતો ગુંજ્યા

કમળો થયો હોય તો પણ ચોમેર બધુ જ લીલુંછમ દેખાય તેવી હરિયાળી ઝુંબેશ સમાન બની રહેલા કચ્છમિત્ર હાઈટેક કૃષિમેળાના બીજા દિવસે રવિવારે વહેલી સવારથી મોડી સાંજ સુધી ઉમટેલા ધરતીપુત્ર સમુદાયથી શહેરના મુંદરા રોડ પર આવેલું ટીનસિટી ગ્રાઉન્ડ ગાજી ઊઠ્યું હતું. કચ્છભરમાંથી કમસે કમ ૧૫ હજાર જેટલા ખેડૂત ભાઈઓ ઉમટ્યા હતા. સોમવારની સવારે ૧૧ વાગ્યે યોજાનાર સૂકી ખેતી પરના ખાસ સેમિનારનો લાભ લેવા મોટી સંખ્યામાં જોડાવા કિસાનોને આયોજક સંસ્થાઓએ અપીલ કરી હતી.

મેઈન સ્પોન્સર અગ્રોસેલ અને એક્સેલ કોપકેરના સહકારથી જન્મભૂમિ જૂથના પ્રતિષ્ઠિત કચ્છમિત્ર દૈનિક અને નર્મી સંસ્થા દ્વારા યોજીત હાઈટેક કૃષિમેળામાં આજે સજીવ ખેતીથી માંડી સૂક્ષ્મ ટપક સિંચાઈ સુધીના સ્ટોલો પર ધરતીપુત્રો ઊમટ્યા હતા. કૃષિમેળા દરમ્યાન સજીવ ખેતીના મહિમાનું વર્ણન કરતા કચ્છી ભાષામાં લખાયેલા વિવિધ ગીતોને વિવિધ કૃષિ પોષક માહિતીઓ જાણવાની જિજ્ઞાસા સાથે ઉમટેલા કૃષિકારોએ વખાણ્યા હતા.

વિવિધ પાકો ટિસ્યૂ કલ્ચર રોપા, મિની ટ્રેક્ટર, કુર્લાટો ટ્રેકટર, રોટાવેટર, બેટરી રિક્ષા, બિયારણો, ખાતર, જંતુનાશક દવાથી માંડીને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ, એગ્રો પ્રોડયુસર કંપનીઓના સ્ટોલોએ ખેડૂતોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. મહિલા ખેડૂતોની નોંધપાત્ર સહભાગિતા પણ આયોજનના બીજા દિવસે જોવા મળી હતી.

માત્ર મિસ કોલ કરો અને માહિતી મેળવો. કચ્છના ખેડૂતો સુધી સરળતાપૂર્વક અને ઝડપથી પહોંચવાની એક તદ્દન નવતર પ્રચાર પ્રણાલી પણ કચ્છમિત્ર હાઈટેક કૃષિમેળામાં જોવા મળી હતી. કૃષિમેળામાં સહભાગી બનેલી એગ્રોસ્ટાર કંપની દ્વારા કચ્છી કિસાનોને બિયારણ, વિકાસની દવા, જંતુનાશક દવા, સ્પ્રે પંપ, તાડપત્રી સહિતની વસ્તુઓ ઘેરબેઠા રાહતદરે પહોંચાડવાની આકર્ષક ઓફર અપાઈ હતી. ૧૮૦૦૩૦૦૦૦૦૨૧ નંબર પર માત્ર મિસકોલ કરીને વસ્તુ મંગાવો તો માત્ર વસ્તુની કિંમત જ વસૂલી, ડિલીવરી ફીમાં કરવાની તત્પરતા કંપનીએ બતાવી છે. એગ્રોસ્ટાર વિવિધ કૃષિલક્ષી માહિતી પણ આપે છે.

પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ ક્રાંતિસેનભાઈ શ્રોફ પરિવારના સભ્ય અને સૃજન ટ્રસ્ટના મોભી ચંદાબેન શ્રોફ, ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના મોવડી વિઠ્ઠલભાઈ ભીમાણી, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના મહામંત્રી શ્રી માવજી ભગત, મામલતદાર ભરત વૈષ્ણવ, દેના બેંક, માંડવીના મેનેજર વિજય પટેલ સહિતના અગ્રણીઓએ મેળાની મુલાકાત લીધી હતી. એગ્રોસેલના સીઈઓ આર. હરિહરન, મુકુંદભાઈ વ્યાસ, મુંબઈથી આવેલા એગ્રોસેલના કોમ્યુનિકેશન વિભાગના પ્રમુખ માયાબેન સહિત તજજ્ઞોએ ખેડૂતભાઈઓને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

## ગંગા ઘાટે કચ્છીમાં ભાગવતનો પ્રથમ પ્રયોગ

ઉત્તરાખંડ સ્થિત હરિદ્વાર તીર્થમાં ગંગા ઘાટે કચ્છી ભાગવતનો પ્રથમ પ્રયોગ થયો છે. કચ્છી બોલીના કથાકાર મોરઝરના વિરાણી રામ મંદિરના પૂજારી ધીરજલાલ કે. જોશીના વ્યાસાસનેથી કથાનો પ્રારંભ થયો છે. મનુષ્ય જીવનના બંધન અને મુક્તિને નજીકથી જોવા જાણવાની દ્રષ્ટિ આપણને શ્રીમદ્ ભાગવત કથામૃતમાંથી મળે છે. ભાગવતનું સેવન એ કાગમાંથી હંસ થવાની પ્રક્રિયા છે. તેવું વકતાએ પ્રારંભે જણાવ્યું હતું.

કચ્છી સર્જક ગૌતમ એસ. જોશીએ ભાગવતનું કચ્છીમાં ભાષાંતર કર્યું છે. પણ આ વક્તા તો અસલ ભાગવત પરથી જ કચ્છી તરજુમો રજુ કરે છે જે એક આગવો પ્રયોગ છે. ગંગામૈયાના પાવનધામમાં સમગ્ર કચ્છનું આધ્યાત્મિક જગત ગૌરવલઈ શકે તેવા બ્રહ્મલીન સંત ઓધરામજી સંસ્થાપિત અને પૂ. સંત વાલરામજી સંવર્ધિત હાલ સંત હરિદાસજી મહારાજ સંચાલિત કચ્છી લાલ રામેશ્વર આશ્રમની બરાબર સામે ગંગાજીના વલામજી ઘાટ ખાતે શ્રીમદ્ ભાગવત ગ્રંથની પોથી યાત્રા સંપન્ન થતા કચ્છી વિપ્રવૃંદ દ્વારા શ્રદ્ધાભેર ગંગા મૈયાનું પૂજન અર્ચન કરી પિતૃદેવોની સાથે સમગ્ર કચ્છ અને વિશ્વ કલ્યાણની મંગલકામના વ્યક્ત કરાઈ હતી.

કથાની પૂર્વ સંધ્યાએ અતિથિ ભાગવત કથાકાર કશ્યપ શાસ્ત્રીજી (મોટા ભાડિયા)એ કચ્છીબાનીમાં ભાગવત અને તીર્થ સંગમને ખોજનો પાવન અવસર ગણાવ્યો હતો. કચ્છની આધ્યાત્મિક પરંપરાઓ પૈકીની હરિહર પરંપરામાં ગંગાજી તટે ગુરૂકૃપા કુટિર ખાતે સાધનારત કચ્છી સાધ્વીજી પૂ. રમાદેવીજી આશ્રમના રામદાસજી મહાત્માએ દીપ પ્રાગટ્ય કરી જ્ઞાનયજ્ઞને ખુલ્લો મૂક્યો હતો. આશ્રમના વ્યવસ્થાપક ભાવેશભાઈએ કચ્છીયતની ખુમારી અને ધર્મભીરૂતા ધર્મપ્રીતિનું પ્રતિબિંબ આવા આયોજનોમાં પડતું હોવાનું જણાવ્યું હતું. સાહિત્યકાર નારાયણ જોશી 'કારાયલ'એ (નખત્રાણા) કચ્છી સંતોએ પ્રગટાવેલી જ્યોતની ગરિમા અખંડ રાખવા જણાવ્યું હતું. ઉદ્ઘાટન સત્રનું સંચાલન સાહિત્યકાર વિશ્રામ એમ. ગઢવી (મોટા લાયજા)એ કર્યું હતું.

કથા આરંભે જ ભાવિકોએ ગૌ..ગ્રાસ માટે ઉદાર હાથે ફાળો નોંધાવ્યો હતો. આ પ્રસંગે કેશવજીભાઈ જોશી, જયકિશન કેવડિયાએ મહેમાનોનું હારતોરા, શાલ દ્વારા સ્વાગત કર્યું હતું. બપોર બાદના સત્રમાં વ્યાસાસનેથી કચ્છી માહોલ ખડો થયો હતો. પિતૃઋણની સાથે માતૃભૂમિ રાષ્ટ્રનું ઋણ હંમેશા યાદ રાખવા ભાવિકોએ અપીલ કરી ભૂંજી માતૃભૂમિ કે નમન ભાવભેર ગાયું હતું. ત્યારે કચ્છીઓના હૈયા વતન પ્રેમથી છલકી ઉઠ્યા હતા. કચ્છી ભાષાના સંવર્ધન જતન માટે પણ નવું બળ મળશે તેવું કચ્છી કલાસંઘના કારાયલે જણાવ્યું હતું. કચ્છી કથાના આયોજનો માટે પોતે ઉપલબ્ધ હોવાનું કથાકારે જણાવ્યું હતું. હાલે આ આશ્રમ ખાતે ભાગવતાચાર્ય ગુણવંતભાઈ પી. જાની (કાલાવાડ શીતલા)ના વ્યાસાસને અસલ કાઠિયાવાડી ભાષામાં કથા ચાલુ છે.

## ટુન્ડામાં પ્રજાસત્તાક દિન પ્રસંગે ધ્વજવંદનનો કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો.

ભારતના ૬૫માં પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુ. પ્રસંગે ટુન્ડા (તા. મુન્દ્રા) પ્રાથમિક શાળાના પટાંગણમાં ગામના અગ્રણીય અને પત્રકાર ગૌરીશંકર મીઠુભાઈ કેશવાણીના પ્રમુખ સ્થાને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કલારક્ષાના મેડમ જુડી ફેડ, ગામના સરપંચશ્રી દિગ્વિજય સિંહ ઝાલાએ અતિથિ વિશેષ સ્થાન શોભાવ્યું હતું. કાર્યક્રમ પ્રારંભમાં વિશાલગીરીએ વંદે માતરમ્ ગીત રજું કર્યું હતું. ત્યારબાદ સરપંચશ્રી દિગવિજયસિંહ ઝાલા ગૌરીશંકર કેશવાણી ધ્વજવંદન કરી રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી હતી. અને મહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. અને શાળાના ૪૫ જેટલા બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમ તેમાં સ્વાગત ગીત, દેશ ભક્તિના ગીતો, ડાન્સ, રાસ અને નાટીકા રજૂ કરાયા હતા.

ગામના સરપંચશ્રી દિગવિજયસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા અને ગામના વિકાસની વાત કરી હતી. આ કાર્યક્રમના આયોજન માટે ખાસ કરીને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે શાળાના સ્ટાફ અને બાળકોની મહેનતને બિરદાવીને અભિનંદન આપ્યા હતા. જુડી ફેડર મેડમએ કહ્યું હતું કે ભારત આઝાદ થયાને ૬૫ વર્ષ થયા. દેશ માટે જાન આપનાર જવાનોને યાદ કર્યા હતા ને કહ્યું હતું કે ભારતની દરેક કોમ્યુનીટીમાં સંપને એકતા છે. એવું બીજે ક્યાંય નથી. વિશ્વમાં ભારત દેશ મહાન છે. તેના માટે આપણને ગૌરવ લેવા જેવું છે. કહીને બાળકોને અભિનંદન આપ્યા હતા. પ્રમુખ સ્થાનેથી ગૌરીશંકર કેશવાણી કર્યું હતું કે ૪૦ વર્ષ પહેલા આવો સાદો કાર્યક્રમ અમે કરતા હતા ત્યારે ગામનો આવો વિકાસ થયો ન હતો. કંપનીઓના હિસાબે ગામનો વિકાસ થયો છે અને હતું કે જીવનમાં શિક્ષણનું મહત્વ ખૂબ છે. શિક્ષણ વગર જીવન નકામું છે. બાળકોને વધુ ભણવા અપીલ કરી હતી ને બાળકોમાં રહેલા ટેલેન્ટને પારખીને મંચ સુધી પહોંચાડવા શાળાના શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.

ધ્વજવંદનના કાર્યક્રમ પહેલા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં દેશભક્તિના નારા સાથે પ્રભાત ફેરી કાઢવામાં આવેલ ગામના દાતાઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને રોકડ રકમ ઈનામ આપવામાં આવેલ તેમજ દર્શન ન્યુઝ એજન્સી નેમજીભાઈ ગંગર, જટુભા ટપુભા જાડેજા અને ટાટા પાવર કંપની તરફથી બાળકોને પ્રભાવના આપવામાં આવેલ. ગામના અગ્રણીઓ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાના ભૂમિકાબેન મોચીએ કર્યું હતું. આભાર વિધિ શિક્ષક મનહરસિંહ સિંધાએ કરી હતી. તેમજ શાળાના તમામ શિક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવવા ખાસ જહેમત ઉઠાવી હતી. **– અહેવાલ : સરપંચ ટુન્ડા ગ્રામ પંચાયત**

## કચ્છના જાણીતા પશુ-પક્ષી અને પર્યાવરણ પ્રેમીના નિધનથી શોક



કચ્છ નેચર કલબના સ્થાપક અને જાણીતા પક્ષીવિદ્, પર્યાવરણવાદી અશ્વિનભાઈ શંભુલાલ પોમલનું હૃદયરોગના હુમલાથી ૫૪ વર્ષની વયે નિધન થતાં પશુ-પક્ષી પ્રેમીઓમાં શોકની લાગણી ફેલાઈ હતી. સ્વ. પોમલે કચ્છના ખૂણે ખૂણે ફરીને વન્ય સંપદા અને પક્ષીસૃષ્ટિ તથા પર્યાવરણ ક્ષેત્રે ખૂબ જાગૃત પ્રવૃત્તિ કરી હતી. વનતંત્ર દ્વારા વખતોવખત યોજાતી પશુ-પક્ષી ગણતરીમાં પણ સક્રિય સેવા આપતા. ઉપરાંત કચ્છની અનેક કોલેજો, શાળાઓ અને સંસ્થાઓમાં પશુ-પક્ષી, જીવસૃષ્ટિ, પર્યાવરણ આદિની ઝીણવટભરી માહિતી આપતા. તેઓ સારા ફોટોગ્રાફર પણ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છભરમાં લુપ્ત થયેલા કુદરતના સફાઈ કામદાર ગીધ પક્ષીની નોંધ લેવાનું અને જ્યાં તેની હાજરી દેખાય ક્યાં કેવા માહોલમાં ગીધ ટકે છે તેનો અભ્યાસ પણ તેમણે કર્યો હતો. ઉપરાંત સ્વ. પોમલ ગુજરાત અને મુંબઈની વિવિધ પ્રાકૃતિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. અને માધાપર જુનાવાસમાં સોના-ચાંદીના આભુષણોની દુકાન ધરાવતા હતા.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ અને કચ્છશ્રુતિ પરિવાર સ્વ. અશ્વિનભાઈ પોમલ પરિવાર પ્રતિ હાર્દિક સંવેદના તેમજ ઊંડા દુ:ખની લાગણી સાથે પરમકૃપાળુ પરમાત્માને દિવંગત આત્માને શાંતિ અર્થે પ્રાર્થના કરે છે.

# કલરવ

**• દિનેશ માંકડ •**

## ટોક વિથ ટાબરિયા

કેમ છો, ટાબરિયા ? પુરા ટેન્શનમાં એમને ! વાર્ષિક પરીક્ષા બહુ જ નજીક છે. રાત થોડીને વેશ ઝાઝા ? દિવસો ઓછાને વાંચવાનું ખૂબ બાકી. તમારી પોતાની ને મમ્મી પપ્પાને બધાની ઊંચા પરિણામની આશા ! ને વર્ગમાં ઘણા હોશિયારની સામે મહેનત કરવાની, ને નંબર જાળવી રાખવાનો ! અને ઘણીયે વાર તો એમ લાગે છે. જેટલી તૈયારી કરીએ એટલી ઓછી લાગે, સાચી વાતને ?

પણ દોસ્તો, સાચું કહું તો, આપણામાનાં મોટા ભાગને સમય આયોજન Time Managment ની ટેવ નથી. એટલે આવું બને છે. આપણે નવા ધોરણમાં જૂન માસમાં જ પ્રવેશ કરી દઈએ. શું શીખવાનું, કેટલું શીખવાનું અને શું સહેલું ને શું અઘરું તે તો ખબર પડી જ જાય અને એક ખૂબ ખાનગી વાત તમને કહેવાની છે. ગુજરાતી, હિન્દી ભાષા કે સમાજ વિદ્યા જેવા વિષયો તો ઘણીવાર આપણા શિક્ષકો શિખવે, તે કરતાં આપણે જાતે જ વધારે સારી રીતે શીખી શકીએ અને આપણી અનુકૂળતા એ વહેલા વહેલા પતાવી દઈએ તો ગણિત, વિજ્ઞાન જેવા કઠીન વિષયો માટે વધારે સમય જરૂર ફાળવી શકીએ.

મિત્રો, વર્ષથી શરૂઆતથી જ મમ્મી, પપ્પા અને મિત્રોને સાથે રાખી અભ્યાસનું પોતાનું આયોજન સુંદર રીતે કરીએ, તો ચોક્કસ ટેન્શન વગર સારું પરિણામ જરૂર આવે. ને હા, તમારી આ પરીક્ષાઓ તો સારી જવાની છે જ, પણ આપણા જીવનમાં દરેક કાર્યમાં, દરેક પ્રવૃત્તિમાં 'સમય આયોજન' ખૂબ જરૂરી જ છે. ઘણીવાર આપણામાં ખૂબ શક્તિ હોય, ટેલેન્ટ હોય, પરંતુ સમય આયોજન ના અભાવે, આપણે પાછળ રહી જઈએ, ને ઘણું ગુમાવી બેસીએ છીએ.

તમને એ તો ખબર છે ને Time and Tide wait for none. (સમય અને મોજા કોઈની રાહ જોતા નથી) એટલે જ મળેલી ક્ષણ, મિનિટ કે કલાક અને દિવસોને વેડફી ન દેતા સમય આયોજનની ટેવ પાડીએ. તો આપણે જીવનમાં આપણી તમામ મહત્વાકાંક્ષાઓને જરૂરી પાર પાડી શકશું.

તો... હો જાઓ.. તૈયાર પહેલો ફાયદો પરીક્ષામાં. પછી તો ... ઓલ ટાઈમ.. યાદ રાખો, વિતી ગયેલો સમય પાછો આવતો નથી. સૌને પરીક્ષાની શુભેચ્છા...

## ગૌરવ ગાથા

અજાણી ધરતી પર રહીને પણ સાહસ અને સૂઝથી લડનાર કચ્છી મહિલા જેઠીબાઈની વાત આજે કરવાની છે. કચ્છ માંડવીના જેઠીબાઈએ પોર્ટુગીઝ શાસન હેઠળના દીવમાં રંગાટ અને વણાટનું કારખાનું શરૂ કરી કચ્છ અને દીવના અનેકને રોજગારી આપતાં તે સમયે દીવમાં કેટલાક પાદરીઓ લોભ, લાલચ અને ભયથી ભોળી પ્રજાને ધર્મ પરિવર્તન માટે ખૂબ ત્રાસ આપતા. જેઠીબાઈથી આ વટાવ પ્રવૃત્તિનો અન્યાય સહન ન થતાં, તેણે આ વેદનાઓ વાચા આપતી એક અદ્ભુત બાંધણી તૈયાર કરી, ને હિંમત દાખવી, સ્વયં પોર્ટુગલ પહોંચી, ત્યાંના રાણીને તે ભેટ આપી. બાંધણી પરના ચિત્રો અને કલા જોઈ રાણી તો ભાવવિભોર બની ગયા. જેઠીબાઈ એ વિતક કથા સંભળાવી. રાણીએ તરત જ વટહુકમ બહાર પાડી વટાવ પ્રવૃત્તિ બંધ કરાવી અને જેઠીબાઈને 'પાન-દ-જેઠી'નું સન્માન આપ્યું ! ધન્ય છે કચ્છી સાહસિક નારીને...

## નાની વાત - મોટો બોધ

એક કાબર અને એક કાગડો બંને પાકા દોસ્ત હતા. તેઓને ચણની તકલીફ પડતી તેથી બંનેએ ભાગીદારીમાં ખેતર લીધું. પછી વરસાદ પડ્યો એટલે ખેતરમાં ભેજ થયો, તે કાગડાને ઘરે આવીને કહે, કાગડાભાઈ, કાગડાભાઈ, ચાલો ખેતર ખેડવાનો સમય થઈ ગયો છે, કાગડો તો આળસુનો પીર કહે : 'ઠાગા ઠૈયા કરું છું. ચાંચુડી ઘડાવું છું. જાવ કાબરબાઈ આવું છું.' કાબર તો ઠચૂક ઠચૂક કરતી ગઈ ખેતરમાં અને સાંજ સુધીમાં આખું ખેતર ખેડી નાખ્યું, પણ કાગડાભાઈ તો ન આવ્યા !

થોડા દિવસો થયા, કાબરને થયું. દાણા વાવણીનો આ સમય બરોબર છે, તે તો પછી કાગડાને ઘરે ગઈને કહે, કાગડાભાઈ, કાગડાભાઈ, ચાલો ખેતરે નિંદામણ કરવા.' કાગડો કહે, 'ઠાગ ઠૈયા કરું છું માંમુડી ઘડાવું છું. જાવ કાબર બાઈ આવું છું.' કાબર તો પાછી ઠચૂક ઠચૂક કરતી ગઈ અને સાંજ સુધીમાં બધુ જ નિંદામણ કાઢી નાખ્યું. પણ કાગડાભાઈ તો ન જ આવ્યા.

પછી તો ડુંડા બેઠાં, દાણા ભરાણા, એટલે બીજા

પક્ષીઓને ઉડાડવાની જરૂર પડી. પાછી કાબર કાગડાને ઘેર ગઈને કહે : કાગડાભાઈ, કાગડાભાઈ, ચાલો ખેતરે, પક્ષીઓ ઉડાડવા, એ લોકો આપણા દાણા ચણી જશે. કાગડો કહે. 'ઠાગા ઠૈયા કરું છું. ચાચુંડી ઘડાવું છું, જાવ કાબર બાઈ આવું છું.' કાબર તો ઠચૂક ઠચૂક કરતી ગઈને ગોફણથી બધા પક્ષીઓને ઉડાડ્યાં. પણ કાગડાભાઈ તો ગેરહાજર જ રહ્યાં.

થોડા દિવસો પછી કાબરે વિચાર્યું કે, હવે દાણા પાકી ગયા છે. ખળાવાડમાં ડુંડો કાપીને તેમાંથી દાણા કાઢવા પડશે. તે કાગડાને ઘરે ગઈને કહે, 'કાગડાભાઈ, કાગડાભાઈ, ચાલો લણણી, કાપણી કરીને દાણા છૂટા પાડવાના છે.' કાગડો કહે 'ઠાગા ઠૈયા કરું છું. ચાચુંડી ઘડાવું છું, જાવ કાબર બાઈ આવું છું.' કાબર તો ખેતરે જઈને લણણી, કાપણી કરીને દાણા છૂટા પાડીને સરખા ભાગે બે ઢગલા કર્યા. એક કાગડાભાઈનો અને એક પોતાનો પછી કાગડાભાઈને ઘરે જઈને કહે, 'કાગડાભાઈ, ચાલો તમારો ભાગ લેવા.'

'ચાલો, ચાલો હમણાં જ આવું છું.' કહીને કાગડો સાથે જ ગયો. અને ઉતાવળો થઈને એક ઢગલો માથે કૂદીને કહે, 'આ ઢગલો મારો' ઢગલામાં ચાંચ, આંખો, મોઢું ખૂપી ગયાં, ને કાગડાના ત્યાં જ રામ રમી ગયા. પછી બંને ઢગલા અને ખેતર બધું જ કાબરને મળી ગયું.

**બોધ :** ખોટા બહાના કાઢીને કામ કરનારનું ખરાબ પરિણામ આવે છે. માટે આળસું ન થવું, અને પોતાનું કામ પોતે જ કરવું. **સંકલન : ડૉ. ભાલચંદ્ર હ. હાથી**

## શું તમે જાણો છો ?

મનુ સ્મૃતિ નામના ગ્રંથમાં કહ્યું છે કે 'જ્યાં નારીનું પૂજન થાય છે, ત્યાં દેવો રહે છે. આઠમી માર્ચે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો. ભારત દેશમાં પણ અનેક મહાન સ્ત્રીઓના નામ લઈ શકાય તેમ છે. આવો થોડા નામ લઈ દેશનું ગૌરવ વધારતી નારીઓને વંદન કરીએ.

- સતી સાવિત્રી - સત્યવાનની પત્ની, પોતાના પતિવ્રત ધર્મ વડે યમરાજ પાસેથી પતિના પ્રાણ બચાવ્યા.
- અનસૂયા અત્રિ - પત્ની, પતિવ્રત પ્રભાવથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તેમના પુત્ર તરીકે દત્તાત્રેય કહેવાયા.
- ગાર્ગી - વિદ્વાન ઋષિ ગર્ગના વિદુષી પત્ની
- સીતા - રામના પત્ની - ત્યાગ, તપસ્યા અને કરૂણાની મૂર્તિ.
- મીરા - રાજસ્થાન રાણા પરિવારની - પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણ ભક્તિમાં સમર્પણ.
- લક્ષ્મીબાઈ - ઝાંસી રાજ્યના રાણી - અંગ્રેજો સાથે યુદ્ધ
- ભગિની નિવેદિતા - આયર્લેન્ડ દેશની વિદેશી મહિલા જેણે સ્વામી વિવેકાનંદના વિચારોથી ભારતને પોતાની કર્મભૂમિ બનાવી.

## Health is Wealth

તમે અત્યારે કેવી રીતે બેઠા છો ? કેવો વિચિત્ર સ્વપ્ન છે નહી ? દોસ્તો, આપણી બેસવાની રીત પર આપણી તંદુરસ્તીને ઘણો આધાર છે. જરાક કલ્પના કરી જુઓ, તો ભગવાને આપણને હાડકા કે કરોડ ન આપ્યાં હોત તો ? યોગ્ય રીતે ટટ્ટાર બેસવાથી શરીરના તમામ તંત્રો સરસ રીતે કામ કરે. એમાંયે અત્યારે તો તમારે વાંચવા માટે વધારે સમય બેસવાનું આવે. એટલે તો ખાસ ટટ્ટાર બેસવું જ પડે. દોસ્તો, તમે હજુ નાની વયના છો. હાડકા પણ કોમળ હોય એક વખત અયોગ્ય રીતે બેસવાની ટેવ - લાંબા ગાળે નુકશાન કરે. તો ચાલો, આજથી - અત્યારથી જ સતત અને હંમેશ યોગ્ય રીતે જ બેસીએ.

## મગજ કસો, નહીં તો ખસો

- ૧૯૬, ૧૪૪, ૧૬૯, ૧૫૬, ૨૨૫, ૨૫૬ આ સંખ્યાઓમાંથી એક કઈ સંખ્યા ન્યાત બહારી છે ?
- પ્રતાપ કરતાં મહેશ મોટો છે, મહેશ કરતાં નવીન મોટો છે, તો ત્રણમાં સૌથી મોટું કોણ ? સૌથી નાનું કોણ ?
- ચંદુલાલની મમ્મીના ભાઈનો એક માત્ર બનેવી છે, તો તે ચંદુલાલનો શો સગો થાય ?

## હસ્યા તો ફસ્યા

કાકા કાન્તિલાલ ડોક્ટર પાસે ગયા, બહારના ખંડમાં બોર્ડ વાંચ્યું. પહેલીવાર તપાસવાના પાંચસો રૂપિયા, બીજી વખતની ફી સો રૂપિયા, પૈસા બચાવવા કાન્તિલાલે જુઠ્ઠુ બોલીને ડોક્ટરને કહ્યું, બીજી વખત આવ્યો છું. ફરી તપાસીને દવા આપો. ખાસ ફરક પડ્યો નથી. ડોક્ટરે પ્રત્યુત્તર આપ્યો, 'ધીરજ રાખો, મેં ગયા વખતે આપેલી દવા, વધુ પંદર દિવસ ચાલુ રાખો !'

## શબ્દશોધ-૨૩

● પ્રદીપ જોશી-આદિપુર ●

### આડી ચાવી

૧. ભારતના વડાપ્રધાન (૭)
૭. રેતી (૨)
૮. 'ખેલ ખતમ, પૈસા .....' (૩)
૧૦. સ્વામી વિવેકાનંદનું સાચું નામ શું હતું ? (૩)
૧૧. લાલિત્ય ભરેલી સ્ત્રી, ખૂબ સુરત સ્ત્રી (૩)
૧૨. વાતાવરણ, આબોહવા (૩)
૧૩. આડતિયો, દલાલીનું કામ કરનાર (૩)
૧૫. મમ્મીની સાસુ (૨)
૧૬. જાણીતા કચ્છી સર્જક સ્વ. જયંત ખત્રીની નવલિકા પરથી કઈ ફિલ્મનું શૂટીંગ થયેલું (અલબત્ત તે ફિલ્મ હજુ રીલીઝે નથી થઈ) (૨)
૧૭. પરમેશ્વર, પરમાત્મા (૨)
૧૮. વિષ, ઝેર (૨)
૧૯. અહીં વચ્ચે 'ય' ઉમેરશો તો એક દારૂ મળશે (૨)
૨૦. ચંદ્રમા (૨)
૨૧. નિરાધાર થઈ જવું, લબડી પડવું, વળગી રહેવું (૪)
૨૩. સતત વિચારણા (૩)
૨૬. પરંતુ (૨)
૨૭. અહીં છેલ્લી 'ક્ષી' ઉમેરશો તો માછલાના જેવી સુંદર આંખવાળી સ્ત્રી મળશે (૨)
૨૮. દશરથ રાજાના વેવાઈ (૩)
૨૯. સ્ત્રીઓનું નાકનું એક ઘરેણું (૩)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | |
| ૬ | | ૭ | | | | ૮ | | ૯ |
| ૧૦ | | | | ૧૧ | | | | |
| | | ૧૨ | | | | ૧૩ | ૧૪ | |
| | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | ૨૦ | | |
| | ૨૧ | ૨૨ | | | | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | | |
| ૨૮ | | | | | ૨૯ | | | |

### ઊભી ચાવી

૨. લોકસભાની આગામી ચૂંટણી માટે ભાજપે વડાપ્રધાનપદ માટે પસંદ કરેલા નેતા (૫)
૩. મૃત્યુ, મરણ (૨)
૪. સિંહની ગર્જના, યોદ્ધાનો પડકાર કે હોકારો (૪)
૫. અરબસ્તાનના પવિત્ર ઈસ્લામ તીર્થ ધામ મક્કા મદીનાની યાત્રા (૨)
૬. વિશ્વામિત્રનો તપ ભંગ કરનારી એક અપ્સરા (૩)
૯. હેતુ, આશય (૪)
૧૧. સખત માર મારવો (૫)
૧૪. એક પ્રકારનું શોભાનું ઝાડ (૪)
૧૫. પ્રવેશ કરાવેલું હોય તેવું (૩)
૧૯. ડરપોક (૩)
૨૦. પ્રભાસપાટણમાંના પ્રાચીન સમયથી તીર્થદેવ સોમેશ્વર મહાદેવ (૪)
૨૨. એક એક ટીપું પડ્યા કરે એ રીતે (૩)
૨૪. તાપી, નર્મદા, બ્રહ્મપુત્રા વગેરે.... (૨)
૨૫. કચ્છ જિલ્લાનું મુખ્ય મથક (૨)
૨૭. એક રાશિ (૨)

**શબ્દશોધ-૨૨ ના જવાબો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ ર | વિં | ૩ દ | ૪ કે | ૫ જ | રી | ૬ વા | ૭ લ |
| ૮ ના | મી | | ૯ શા | સ | ન | | ૧૦ મા | લ |
| મિ | | ૧૧ દ | | રી | | ૧૨ મ | | કા |
| ૧૩ કા | ૧૪ મ | યા | ૧૫ બી | | ૧૬ મા | ગ | ૧૭ સ | ર |
| | યૂ | | ૧૮ જ | ૧૯ સ | ન | | ત્તા | |
| ૨૦ અ | ર | ૨૧ જ | | ર | | ૨૨ ખ | ર | ૨૩ લ |
| ડ | | ૨૪ મા | મી | | ૨૫ ઘ | ર | | વા |
| ૨૬ વા | હ | ન | | ૨૭ મીં | | ૨૮ ખ | ર | જ |
| ણી | | ૨૯ ત | લ | | ૩૦ સો | રો | | મ |


**ગયા અંકના સાચા જવાબો મોકલનાર :**

● મહાભાઈ આર. વોરા-ભુજ ● સ્મિતા વિશાલ શાહ
● મુક્તા નાનજી ઠક્કર 'ઉષ્મા' -સુખપર-ભુજ
● કિરણ ઠક્કર ● દમયંતી વી. રાંભીયા -મુલુંડ
● જ્યોત્સના ડી. વોરા

# કામણગારા કચ્છને સલામ...!

ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –

ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...




**આજે જ વસાવો...**


## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

**સંપાદકો :**
**હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય**

**કિંમત : રૂ. 700 (બંને ખંડના)**

## આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરાય કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




- વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકીય તેવાં સેંકડો પુસ્તકો
- સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો
- આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

*Let's Do the Best Furniture With.....*

-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-

JEWEL PLY — M. R. GRADE — BWP GRADE

ASSAM Status

Durian — DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL — DECORATIVE LAMINATES

iPL INTERNATIONAL PREMIUM LAMINATES — Playground for Creativity

Warrior — Plywood - Block Board - Flush Door

Cedar lam — GORGEOUS LAMINATES

POSITIVE — PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

RAVI ENTERPRISE

Brijesh Patel
96240 30203

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
**Telefax : (O) + 91-79-25399423**
**E-mail : ravienterprise_004@yahoo.co.in**

Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006
Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs.1500/-